Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTRED No. B. 156

श्री

# જૈન ધર્મ પ્રકાશ.

वंद्यास्तीर्थकृतः सुरेन्द्रमहिताः पूजा विधायामलां।
सेव्याः सन्मुनयश्च पूज्यचरणाः श्राव्यं च जैनंवचः॥
सच्छीलं परिपालनीयमतुलं कार्यं तपो निर्मलं।
ध्येया पंचनमस्कृतिश्च सततं भाव्या च सद्भावना॥१॥

પુસ્તક ૩૨ મું.] અષાઢ. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. [અંક ૪ થો.

પ્રગટ કર્તા,

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.

૧ વ્યભિચાર દોષ. (પદ્ય) ... ... ... ... ... ૧૦૫
૨ બોધ-સુધા. (પદ્ય) ... ... ... ... ... ૧૧૧
૩ પ્રશમરતિ-પ્રકરણ. અર્થ વિવેચનયુક્ત. ... ... ... ... ૧૧૨
૪ યોગ્યાયોગ્ય શિષ્ય પરીક્ષા. ... ... ... ... ... ૧૧૭
૫ દુઃખિતોનું દુઃખ હર્યું (પારસી સોલન્સ.) ... ... ... ... ૧૨૩
૬ [illegible]ના રાસ ઉપરથી નીકળતો સાર... ... ... ... [illegible]
૭ [illegible]... ... ... ... ... ... [illegible]
૮ શ્રી સૌરાષ્ટ્ર વીશાશ્રીમાળી બોર્ડીંગ. ... ... ... ... [illegible]

ભાવનગર—શ્રી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટના પોસ્ટેજ સહિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારું પુસ્તક પ્રસિદ્ધિ ખાતું.

### ૧ હાલમાં છપાય છે.

૧ શ્રી કર્મ પ્રકૃતિ ગ્રંથ, શ્રી યશોવિજયજી ઉપાધ્યાયકૃત મોટી ટીકાયુક્ત.
૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ગ્રંથ. મોટી ટીકાયુક્ત.
૩ શ્રી પૂર્વ કર્મગ્રંથાદિ વિચાર ( ગુજરાતી )
૪ શ્રી શાંતિનાથ ચરિત્ર. પદ્યબદ્ધ સંસ્કૃત.
૫ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર. પર્વ ૮-૯ ભાષાંતર.
૬ શ્રી પાંચ પ્રતિક્રમણસૂત્ર ગુજરાતી ( શિલાછાપ. )
૭ શ્રી ચંદરાજાનો રાસ. ભાવાર્થ ને રહસ્યયુક્ત. ( ગુજરાતી )

### ૨ તૈયાર હોવાથી હવે છપાવા શરૂ થશે.

૮ શ્રી ઉપદેશ પ્રસાદ ગ્રંથ મૂળ. સ્થંભ ૭ થી ૧૨. સંસ્કૃત.
૯ શ્રી સપ્તતિકા ( છઠ્ઠા કર્મગ્રંથ )ની ભાષ્ય. ટીકા યુક્ત.
૧૦ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.

### ૩ તૈયાર થાય છે.

૧૧ શ્રી કર્પુર પ્રકર ગ્રંથ. મોટી ટીકાયુક્ત.
૧૨ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગદ્યબંધનું ભાષાંતર.
૧૩ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું ભાષાંતર.
૧૪ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર. ( સ્વતંત્ર લેખ )
૧૫ શ્રી હિર સૌભાગ્ય મહાકાવ્યનું ભાષાંતર.
૧૬ શ્રી જંબુદ્વીપ પટ્ત્રિંશીકા. સટીક ભાષાંતર.
૧૭ શ્રી ઉપદેશ પ્રસાદ ગ્રંથ, મૂળ. સ્થંભ ૧૩ થી ૨૪. સંસ્કૃત.

ઉપર જણાવેલા ગ્રંથો પૈકી નંબર. ૯-૧૦-૧૨-૧૩-૧૪-૧૫-૧૭ ને મા કોઇ ઉદાર ગ્રહસ્થ સહાય આપવા ઇચ્છા ધરાવશે તો તેમની ઇચ્છાનુસાર તેમ નામ જોડીને પ્રકટ કરવામાં આવશે.

## મેત્રાણા તીર્થની યાત્રાની સગવડ.

મેત્રાણા ગુજરાતમાં સિદ્ધપુર પાસે આવેલું ગામ છે. ત્યાં શ્રી ઋષભદેવજી મંદિર ઘણું સુંદર ને પ્રાચીન છે. તેની તીર્થરૂપે પ્રસિદ્ધી થયેલી છે. ત્યાં જવા હાલમાં પાલણપુરથી ત્યાંસુધી રેલ્વે થઇ છે. સ્ટેશનને કાકોશી મેત્રાણા રોડ નામ આ વામાં આવ્યું છે. પાલણપુરથી રેલ રી રૂ. ૦-૪-૬ બેસે છે. સ્ટેશનથી એક માઇલ દેરાસર છે. આ તીર્થની યાત્રાનો લાભ લેવા લાયક છે. તેનો વહીવટ સિદ્ધપુરવાળા શેઠ નીહાલચંદ કેશવલાલ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यं प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकार प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૨ મું. ] આષાઢ. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. [ અંક ૪ થો.

## વ્યભિચાર દોષ.

( પુનમ ચાંદની પૂરી ખીલી અહીંરે.........એ રાગ. )

ટરતા રહેવું આત્મ ખપી જીવે વ્યભિચારથી રે,
કાગવૃત્તિ સેવ્યાથી કીર્તિ કાળી થાય;
સમજુ જન ચાહે નહિ ચિત્ત કદિ વ્યભિચારને રે.
દોષ વ્યભિચારે વાધે અનર્થ સંસારમાં રે,
તન ધન જોબન લજ્જા આત્મહિત લુંટાય. સમજુ૦—એ ટેક.

સાખી.

કાગ સરોવરજળ તજી, ઇચ્છે ઘટજળ જેમ;
નિજ નારી છંડી ફરે, વ્યભિચારી પણ તેમ.
સાકર દ્રાક્ષ અને મેવા મીઠાઇ નજીકમાં રે,
તોપણ કાગવૃત્તિ વિષ્ટામાંહે લલચાય. સમજુ૦ ૧

સાખી.

ગુપ્ત રોગ વાધે ઘણા, આખર પામે છેહ;
રૌદ્ર ધ્યાન ચિન્તાવડે, નિત્ય પ્રજાળે દેહ.
કષ્ટ અનંતા વેઠી અંગે લાજ ગુમાવતા રે,
કઇક અકાળે મરીને નરક અતિથિ થાય. સમજુ૦ ૨

સાખી.

ગર્થ ગુમાવે ગાંઠનો, દુશ્મન વધતા જાય;
હલકા જન વ્યભિચારીને, ખાંડે શેલી ખાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય પરાધીનતા એ દોપે પૂરણ દિલમાં રે,
સ્નેહી મિત્ર સજ્જનનો બોધ અલેખે જાય. સમજુ૦ ૩

સાખી.

અશુચિ ભાવ અંતરતણો, નિરખે ક્યાંથી અંધ;
દ્વાદશ દ્વાર સ્ત્રી, પુરૂષ નવ–દ્વારે વહે દુરગંધ,
વહેતી નગરખાળ પરે નિરખો નિત્યે નેત્રથી રે,
બાહ્ય રૂપાંતરમાં ચેતન ફોગટ લલચાય. સમજુ૦ ૪

સાખી.

અમુલ્ય વખત જુવાનીનો, મદમાં ચાલ્યો જાય;
પાણી પહેલાં બાંધવી, પાળ નકી સુખદાય.
સ્વપ્ન સમાન ક્ષણીક સુખોમાં ચેતન રાચતો રે,
જાયે દિપ તેજ પતંગ પરે ઝંપલાય. સમજુ૦ ૫

સાખી.

દીર્ઘ કાળથી વડીલની, ખ્યાતિ ખુબ જામેલ;
શ્યામ થાય કુળ પાકતાં, સુત ગાંડી વાળેલ.
વ્યભિચારીનું જીવન શ્વાનતુલ્ય સંસારમાં રે,
જેના વશે લાગે સદ્ગુણ સર્વમાં લાય[1]. સમજુ૦ ૬

સાખી.

રત્ન ચિંતામણિ કર ચઢ્યો, પૂરવ પુન્ય વિચાર;
દશ દ્રષ્ટાંતે દોહિલો, ઉત્તમ નર અવતાર.
કાળ અનાદિ જન્મ મરણનાં દુઃખ નિવારીએ રે,
અનંગ ક્રીડામાં શાશ્વત આત્મહિત લુંટાય. સમજુ૦ ૭

સાખી.

તૃષ્ણા ઇંદ્રિય વશ થયો, ચેતન [2]ભવકાંતાર;
દેવ મનુષ્ય તિર્યંચના, સેવ્યા વિષય વિકાર.
અંતિ સમય કુપ ખણવારૂપ પસ્તાવો આખરે રે,
દુર્લભ નરભવ એળે જાર કરમથી જાય. સમજુ૦ ૮

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા—વળા.

---

૧ અગ્નિ. ૨ ભવાટવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બોધ–સુધા.

( જે ગાયનમાં પ્રભુગુણુ ન મળે—એ લયમાં )

જે જીવનમાં બળ કળ ન મળે, તે જીવનને ધરવું શું ?
જે જળથી કંઇ તરસ ન છીપે, તેવા જળને ભરવું શું ?
જે ઔષધથી વ્યાધિ ન ટળે, તે ઓષધને લેવું શું ?
કીર્તિ પુણ્ય ન વધે જેનાથી, જ્ઞાન–દાન તે દેવું શું ?
જે ભવથી ન તરે નવ તારે, તે ગુરૂ–શરણે જાવું શું ?
જ્યાં ન્હાતાં નિર્મળતા [1]નાવે તે ગંગામાં ન્હાવું શું ?
ધર્મ સેવતાં સદ્દગતિ ન મળે, તે ધર્મારાધનથી શું ?
દેવ પૂજતાં દુર્ગતિ ન ટળે, તેના તે પૂજનથી શું ?
ન્યાય–ધર્મ ન પમાય જરી જ્યાં, તેવી સત્સંગતથી શું ?
પર– ઉપકાર સહાય ન જેથી, તેવા ધનની છતથી શું ?
પત્ર પુષ્પ ને ફળ ન મળે જ્યાં, તેવા તરૂ–ઉપવનથી શું ?
દયા પ્રેમ નહી જ્યાં નામે, તેવા માનવ–તનથી શું ?
માત–તાત–સેવા નવ સાધે, તેવા સુતને કરવું શું ?
પ્રેમ–કદરની કીંમત નહિ જ્યાં, તેને માટે મરવું શું ?
ક્ષણિક તરંગ રંગ જ્યાં ભાસે, ત્યાં રાચીને રમવું શું ?
અજીર્ણ–દોષ–રોષ વધતો જ્યાં, ત્યાં [2]પાયસને જમવું શું ?
મૂર્ચ્છા જ્યાં મનથી નવ તૂટી, અંગે ભભુત લગાવે શું ?
લોચન–રંગ ઢંગ ન મળે જ્યાં, [3]વિદ્યુત્‌–દીપ જગાવે શું ?
[4]બધિર બની બેઠા સાંભળવા, દિવ્ય ગીત ત્યાં ગાવું શું ?
મોહ–મૂઢ મૂરખ પ્રાણીને, [5]અધ્યાતમ સમજાવવું શું ?
જ્યાં જળ ને તરૂવર પણ ન મળે, તે [6]સર–પર સંચરવું શું ?
પ્રેમ પલકમાં જે પલટાવે, તે [7]વનિતાને વરવું શું ?

રત્નસિંહ—દુમરાકર

૧ ન આવે. ૨ દૂધપાક. ૩ વીજળી–દીવો. ૪ બ્હેરા. ૫ અધ્યાત્મ. ૬ સરોવર. ૭ સ્ત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# प्रशमरति प्रकरण.

[ અર્થ વિવેચન યુક્ત. ]

અનુસંધાન પૃષ્ઠ ૯૧ થી.

પ્રશમજનિત સુખનેજ પુનઃ શાસ્ત્રકાર સ્પષ્ટ કરી બતાવે છે.

संत्यज्य लोकचिन्तामात्मपरिज्ञानचिन્तनेऽभिरतः ।
जितलोभरोषमदनः सुखमास्ते निर्जरः साधुः ॥ १२९ ॥

ભાવાર્થ—લોકચિંતાને સમગ્ર રીતે ત્યજીને આત્મજ્ઞાન--અધ્યાત્મ ચિંતામાં લયલીન, લોભ રોષ અને કામ ક્રીડા વર્જીત એવા સમપરિણામી સાધુ સદા સમાધિરસમાં ઝીલે છે. ૧૨૯

વિ૦-સ્વજન અને પરજન સંબંધી દુઃખ દારિદ્ર કે દુર્ગતિની ચિંતા ત્યજીને, આ અમૂલ્ય માનવ દેહાદિક ઉત્તમ સામગ્રી પામી હવે પછી જેમ આ દુઃખમય સંસારમાં પરિભ્રમણ કરવું ન પડે તેમ મ્હારે અવશ્ય પ્રયત્ન કરવો જરૂરનો છે, એ રીતે નિજ હિત ચિંતનમાં ઉજમાળ થઇ જે પારકી પંચાત મૂકીને સ્વહિત સાધનમાં સાવધાનતા ધારી રહે છે અને જેને વિષય કષાયને વશ કરી લીધા છે એવા સાધુજનો સર્વપ્રકારના તાપ રહિત થઈ સહજ આનંદમાં ઝીલે છે. ૧૨૯

આ રીતે લોકચિન્તાથી દૂર રહેનારને પોતાનું ભરણ પોષણ વિગેરે શી રીતે થઈ શકે? તેનો ગ્રંથકાર ખુલાસો કરે છે.

या चेह लोकवार्ता, शरीरवार्ता तपस्विनां या च ।
सद्धर्मचरणवार्तानिमित्तकं तद्द्वयमपीष्टम् ॥ १३० ॥

ભાવાર્થ—સાધુજનોને ચારિત્રના નિર્વાહનિમિત્તરૂપ જે લોકવાર્તા અને શરીરવાર્તા હોય તે ઇષ્ટ છે. ૧૩૦

વિ૦—જેમાં પોતાના સંયમનિર્વાહ નિમિત્તે ભરણ પોષણનો હેતુ રહેલે છે, તેમજ બીજા સાધુજનોની પણ શરીરસ્થિતિનો હેતુ રહેલો છે એવી—એટલા પૂરતિ લોકવાર્તા અને શરીરવાર્તા એ બંને સંબંધી લક્ષ સાધુજનોને કર્તવ્ય છે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરી જેમ સંયમનિર્વાહ સુખે થઈ શકે, તેમ તેમણે પ્રવર્તવાનું હોય છે. નિર્દોષ અને પ્રાસુક આહાર પાણી વસ્ત્ર પાત્રાદિકની પ્રાપ્તિ થાય તેવી ગવેષણા તેમણે કરવાની છે. એવો દુષ્કર મુનિમાર્ગ લોકોને ઉપદેશદ્વારા નિવેદન કરવો જોઈએ, અને ગૃહસ્થોએ નિજકુટુંબ અર્થે તૈયાર કરેલાં નિર્દોષ આહા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાણી પ્રમુખ સંયમધારી સાધુ મહાત્માઓને નિઃસ્વાર્થપણે બહુમાન પૂર્વક આપવા–અપાવવાથી જે અતુલ લાભ થાય છે તે સમજાવવો જોઇએ. આ રીતે ઉભયનું હિત સધાય છે. સાધુજનોને ક્ષમાદિક દશવિધ ધર્મની રક્ષા અને પુષ્ટિ થાય છે, યાવત્ મૂળ ગુણરૂપ પાંચ મહાવ્રતોનું અને ઉત્તર ગુણરૂપ પિંડ વિશુદ્ધિ પ્રમુખની રક્ષા પૂર્વક વૃદ્ધિ થયા કરે છે અને એવાજ શુદ્ધ ધર્મમાર્ગની દેશના દાનાદિકવડે અનેક ભવ્ય ગૃહસ્થ જનોનું પણ કલ્યાણ સહેજે સધાય છે. એ રીતે સદ્ધર્માચરણ નિમિત્તે શરીર સ્થિતિ સંરક્ષવા માટે શાસ્ત્ર સંમત લોકવાર્તા–લોકચર્ચા સેવવી ઉચિત છે. ૧૩૦

વળી લોકવાતાનું અન્વેષણ કરવામાં એક બીજું કારણ પણ છે તે ગ્રંથકાર બતાવે છે.

लोकः खल्वाधारः सर्वेषां ब्रह्मचारिणां यस्मात् ।
तस्माल्लोकविरुद्धं धर्मविरुद्धं च संत्याज्यम् ॥ १३१ ॥

**ભાવાર્થ**—સર્વ ચારિત્રપાત્ર સાધુઓને લોક ખરેખર આધારરૂપ છે તેથી તેમણે લોકવિરૂદ્ધ અને ધર્મવિરૂદ્ધ સર્વથા ત્યજવું. ૧૩૧

વિ૦–ખરેખર સઘળા ગચ્છવાસી અને ગચ્છનિર્મિત (પ્રતિમાધર જિનકલ્પધર પ્રમુખ) સંયમવંત સાધુઓને ગૃહસ્થ જનો આશ્રય રૂપ છે, તેથી લોકવિરૂદ્ધ જે જન્મ મરણનાં સૂતકવાળાં, તેમજ પંક્તિ બહાર કરેલાં અને દુગંચ્છનિક કુળ હોય તેનાં ઘરનાં આહાર પાણી પ્રમુખ ન લેવાં તથા અમુક લોકવિરૂદ્ધ એવાં દારૂ, માંસ, લસણ, અને અનંતકાયાદિ અનેક પદાર્થ જે ધર્મવિરૂદ્ધ પણ જણાય તે અવશ્ય પરિહરવાં અર્થાત્ નજ લેવાં. ૧૩૧

આવા હેતુથી લોકવાર્તાનું અન્વેષણ કરવું હિતકારી–કલ્યાણકારી છે એમ શાસ્ત્રકાર દર્શાવે છે.

देहो नासाधनको लोकाधीनानि साधनान्यस्य ।
सद्धर्मानुपरोधात्तस्माल्लोकोऽभिगमनीयः ॥ १३२ ॥

**ભાવાર્થ**—શરીર ચારિત્રના સાધનરૂપ નથી એમ નથી, સાધનરૂપ છે. અને એ શરીરના સાધન લોકાધીન છે તેથી સદ્ધર્મ–ચારિત્રધર્મને હાની ન પહોંચે તેમ લોકોને અનુસરવું. ૧૩૨

વિ૦–'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્' શરીર સાજું નરવું હોય તોજ ધર્મસાધન સારી રીતે થઇ શકે છે અને શરીરને ટકાવી રાખવા આહારપાણી ઉપધિ શય્યા પ્રમુખ સાધનની જરૂર પડે છે. તથાપ્રકારનાં સાધન વગર શરીર ટકી શકતું નથી, અને એ બધાં સાધનો ગૃહસ્થ લોકોને આધીન રહેલાં છે, એટલા માટે ક્ષમાદિક ધર્મઆચરણમાં વિરોધ ન આવે તેમ લોકને અનુસરવું અર્થાત્ લોક-

For Private And Personal Use Only

વાર્તાનું અન્વેષણ કરવું ઉચિત છે. ૧૩૨

જે આચરણથી લોકોમાં ઉલટા અપ્રિય થવાય તેવાં આચરણ સાધુએ સાવધાનપણે તજી દેવાં એમ ગ્રંથકાર જણાવે છે.

दोषेणानुपकारी भवति परो येन येन विद्विष्टः ।
स्वयमपि तद्दोषपदं सदा प्रयत्नेन परिहार्यम् ॥ १३३ ॥

ભાવાર્થ—જે જે દોષથી અન્યજન અનુપકારી અને અત્યંત ખિન્ન થાય તે તે દોષના સ્થાન સદા પોતેજ પ્રયત્નથી પરિહરવાં. ૧૩૩

વિ૦—જે જે કાર્ય કરવાથી લોકો કુપિત થાય અને ઉલટા સામા થઇ જાય તે તે દોષસ્થાનનો સાધુએ પોતે પ્રમાદ રહિતપણે ત્યાગ કરી દેવો. અર્થાત્ જે કારણોને લઇને લોકોને અપ્રિયકારી થતો કોઇ અન્ય જોવામાં આવે એટલે તે જાણીને એવું અપ્રિય કાર્ય જાતેજ વિચારી સાધુએ સાવધાનપણે તજી દેવું ઉચિત છે. ૧૩૩

જેમ આ રીતે દોષસ્થાન તજી દેવાં જરૂરનાં છે તેમ આગળ જણાવેલી હિતશિક્ષા પણ ખ્યાલમાં રાખવાની છે એમ શાસ્ત્રકાર કહે છે.

पिण्डैषणानिरुक्तः कल्प्याकल्प्यस्य यो विधिः सूत्रे ।
ग्रहणोपभोगनियतस्य तेन नैवामयभयं स्यात् ॥ १३४ ॥

ભાવાર્થ—પિંડનિર્યુક્તિ સૂત્રમાં આહારાદિ ગવેષણા સંબંધી જે વિધિ કહ્યો છે તે મુજબ નિયમસર આહારાદિ ગ્રહણ અને ઉપભોગ કરનાર સાધુને કદાપિ રોગનો ભય રહેતો નથી. ૧૩૪

વિ૦—પિંડૈષણા અધ્યયનમાં ઉદ્ગમ ઉત્પાદના અને એષણાના દોષરહિત આહાર ગ્રહણ કરવા સંબંધી અને કલ્પનીય અકલ્પનીય સંબંધી જે વિધિ નિશ્ચયથી જણાવ્યો છે તે પ્રમાણે આહાર ગ્રહણ કરવામાં જો નિયમિતપણું સાચવે છે, અર્થાત્–જો જરૂર જેટલોજ પરિમિત આહાર વ્હોરી લાવે છે તો તે પરઠવી દેવો પડતો નથી, અને લાવેલો આહાર વાપરવામાં પણ પરિમિતપણું–નિયમિતપણું સાચવે છે–ઉણોદરી કરે છે તો તેહને કદાપિ અજીર્ણજનિત વ્યાધિનો ભય રહેતો નથી. એ રીતે પ્રવર્તતાં સંદવાડાદિ ન આવવાથી તજ્જન્ય અપવાદ સેવવા પડતા નથી અને ધર્મ અનુષ્ઠાનમાં પણ અંતરાય થતો નથી. મતલબ કે અકલ્પ્ય આહાર તજીને પરિમિત જ આહાર લાવવાનું અને વાપરવાનું જો લક્ષ રાખવામાં આવે છે તો સાધુને કશો વાંધો આવતો નથી. ૧૩૪

ઉપર જણાવેલી હકીકતનેજ વધારે સ્ફુટ કરીને બતાવતાં છતાં શાસ્ત્રકાર કહે છે.

व्रणलेपाक्षोपाङ्गवदसङ्गयोगभरमात्रयात्रार्थम् ।
पन्नग इवाभ्यवहरेदाहारं पुत्रपलवच्च ॥ १३५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—સંયમવ્યાપારનો નિરાબાધપણે નિર્વાહ કરવાને જ માટે સાધુએ વ્રણલેપની પેરે, ચક્રને તેલસિંચનની પેરે, અને પુત્રમાંસની પેરે, સર્પની* માફક આહારને આરોગવો જોઇએ. ૧૩૫

વિ૦—જેમ વ્રણ ઉપર લેપ, ત્હેની ઉપર રૂઝ આવી જાય એટલા પૂરતોજ દેવામાં આવે છે. એથી અધિક લેપ કરવામાં આવે તો તે નકામોજ જાય છે; વળી ચક્રની નાભિને એટલુંજ તેલ કે એરંડીયું પ્રમુખ ઉંજવામાં આવે છે કે જેથી ગાડી સહેલાઇથી ચાલી શકે, એથી વધારે ઉંજવામાં આવે તો તે નકામું જાય છે; તેમ સાધુએ પણ ક્ષુધા વેદનીય રૂપી વ્રણને રૂઝવવા માટેજ આહાર રૂપ લેપ દેવો, તે દેહાદિક ઉપર મમતા રહિતપણે સ્વસંયમ યાત્રાનો સુખે નિર્વાહ થાય તેટલા પૂરતોજ દેવો પણ તેથી અધિક દેવો નહિ. મન, વચન અને કાયાના યોગો સાવધાનપણે સંયમ માર્ગમાં પ્રવર્તે અર્થાત્ દશવિધ ચક્રવાલ સામાચારી, પંચવિધ સ્વાધ્યાય, અને ભિક્ષા અટનાદિક સંયમયાત્રાનો વગર હરકતે નિર્વાહ થાય તેવો અને તેટલોજ નિર્દોષ આહાર સાધુએ વાપરવો. વળી તે આહાર ચક્રની નાભિની પેરે ધર્મધુરાને વહન કરવાની ખાતરજ વાપરવો. પણ રૂપ રસ કે બળ વધારવા માટે નહિ. હવે તે આહાર કેવી રીતે વાપરવો તે બતાવે છે.—જેમ સર્પ પોતાનું ભક્ષ્ય લઇને ચાવતો નથી પણ ગળીજ જાય છે, તેમ આત્માર્થી સાધુ પણ આહાર કરતી વખતે સ્વાદની ખાતર તે આહારને ડાબી દાઢાથી જમણી દાઢા તરફ અને જમણી દાઢાથી ડાબી દાઢા તરફ વારંવાર લાવી વાગોળીને ખાતા નથી, તેમજ સ્વસંતાનનું માંસ ભક્ષણ કરનારને રસગૃદ્ધિ ન થાય તેમ—રસગૃદ્ધિ કર્યા વગર ( ચિલાતી પુત્રે મારી નાંખેલી સુસીમાં કન્યાનું માંસ ભક્ષણ ખાસ કારણ વિશેષે કરનાર તેના પિતાદિકની પેરે ) કેવળ શરીર રક્ષણ કરવા માટેજ લાવેલો આહાર આરોગે છે. ૧૩૫

વળી એજ વાતને પુષ્ટિ આપે છે—

गुणवदमूर्च्छितमनसा तद्विपरीतमपि चाप्रदुष्टेन ।
दारूपमधृतिना भवति कल्प्यमास्वाद्यमास्वाद्यम् ॥ १३६ ॥

ભાવાર્થ—મુનિએ સારો કે નરસો નિર્દોષ આહાર મૂર્છા રહીત, પ્રસન્ન ચિત્તે અત્યંત ક્ષમાયુક્ત થઇને વાપરવો જોઇએ. ૧૩૬

વિ૦—શુભ રસ અને ગંધયુક્ત આહાર મળ્યો હોય તો તે રાગ–આસક્તિ કર્યા વગર વાપરી લેવો અને અશુભ રસ ને ગન્ધવાળો આહાર મળ્યો હોય તો તે ખેદ ગ્લાનિ લાવ્યા વગર વાપરી લેવો; મતલબ કે સંયમયાત્રાના સુખપૂર્વક નિર્વાહ નિમિત્તેજ જે કંઇ સરસ કે નિરસ નિર્દોષ ખાનપાન મળે તે સમભાવે

* સર્પ પોતાના બિલમાં ઉતરે તેમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાપરી લેવું જોઇએ. જેમ વાંસલાદિક વડે છોલાતું–કોરાતું કાષ્ઠ દ્વેષ કરતું નથી અને પુષ્પાદિકવડે પૂજાતું છતું રાગ કરતું નથી, તો જેમ અચેતન છતું રાગ દ્વેષ રહિત છે તેમ સાધુ ચેતનાવાન્ છતાં પણ પોતાને કલ્પે તેવાં નિર્દોષ અન્નપાન ગમે તેવાં સારાં કે નરસાં મળે તે લગારે રાગ દ્વેષ કર્યા વગર ( કાષ્ઠની પેરે નિર્વિકારપણે ) સમભાવ રાખીને વાપરી જાય છે. ૧૩૬

તેવું ભોજન પણ જો દ્રવ્ય ક્ષેત્રાદિક લક્ષમાં રાખી સ્વબળ વિચારીને વાપરવામાં આવે તો તેથી અજીર્ણાદિક દોષ થવા ન પામે એમ શાસ્ત્રકાર દર્શાવે છે—

> कालं क्षेत्रं मात्रां सात्म्यं द्रव्यगुरुलाघवं स्वबलम् ।
> ज्ञात्वा योऽभ्यवहार्यं भुंक्ते किं भेषजैस्तस्य ॥ १३७ ॥

**ભાવાર્થ**–કાળ, ક્ષેત્ર, પ્રમાણ, પથ્ય, દ્રવ્યનું ભારે હલકાપણું, અને આત્મબળ જોઇને જે મુનિ આહાર વાપરે છે તેને ઔષધ ભેષજની શી જરૂર ? ૧૩૭

વિ૦—ભોજન કરનારે રૂતુ–કાળ કયો છે તે ખ્યાલમાં રાખી જો ગ્રીષ્મકાળ હોય તો પાણી વધારે અને અન્ન ઓછું વાપરવું, વર્ષાકાળ હોય તો કોઠાનો છઠ્ઠો ભાગ ઊણો રહે તેમ અન્નપાન સમાન વાપરવાં, અને શિશિર કાળ હોય તો અન્ન કરતાં જળ અલ્પ વાપરવું. ક્ષેત્ર કેવું છે તે લક્ષમાં રાખી સોરઠ દેશ જેવું રૂક્ષ ક્ષેત્ર હોય તો વધારે ભોજન કરવું, બહુ જળવાળું સ્નિગ્ધ ક્ષેત્ર હોય તો સુખે જરી શકે તેટલા પૂરતુંજ વાપરવું, અને કાશ્મીર જેવું ઠંડું ક્ષેત્ર હોય તો ત્યાં સુખે જરે તેવું અને તેટલું વાપરવું. વળી પોતાની જઠરાગ્નિના પ્રમાણમાંજ સુખે પચે તેજ ને તેટલોજ ખોરાક લેવો પણ વધારે નહિ. તેમજ પોતાની પ્રકૃતિને માફક આવે એવો સ્નિગ્ધ, રૂક્ષ કે મધ્યમસર આહાર ગ્રહણ કરવો. વળી ખાવાપીવાની ચીજ કેવી હલકી કે ભારે છે ? અને સ્વશરીર રોગી છે કે નીરોગી છે ? બળિષ્ટ છે કે નિર્બળ છે ? તે બધું લક્ષમાં રાખીને અન્નાદિ વાપરવામાં આવે તો પછી ઔષધ ભેષજ લેવાનું કશું પ્રયોજન રહેતુંજ નથી. ૧૩૭

## જુહાર શબ્દનો અર્થ.

જુહાર જુહાર વણિક કહે, ન જાણે જુહારકા ભેદ;
ભેદ જાણે બીન રહત હય, આઠે પ્રહર બહુ ખેદ. ૧
જજામેં જુગદિશ હય, હહામેં હરિ સાર;
રરામેં રામ નામ હૈ, તાકો નામ જુહાર. ૨

દફતરી નંદલાલ વનેચંદ–મોરબી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# योग्यायोग्य शिष्य परीक्षा.

( અનુસંધાન પૃષ્ટ ૯૭ થી )

## ચાલણી દૃષ્ટાંત (૩)

હવે ત્રીજું ચાલણીનું દૃષ્ટાંત કહે છે–જેનાવડે આટો ચાળવામાં આવે છે, તે ચાલણી લોકોમાં પ્રસિદ્ધ છે. જેમ ચાલણીમાં નાંખેલું પાણી તરતજ નીચે ( બહાર ) નીકળી જાય છે, અલ્પકાળ પર્યંત પણ રહેતું નથી, તેમ જે શિષ્યને સૂત્રાર્થ આપવા માંડ્યો, તે જે વખતે કર્ણમાં પેઠો તેજ વખતે વિસરી જાય તે ચાલણી જેવો શિષ્ય જાણવો. મુદ્ગશૈલ, છિદ્રઘટ અને ચાલણી જેવા શિષ્યના ભેદ દેખાડવા માટે ભાષ્યકારે આ પ્રમાણે કહ્યું છે.

" सेले य छिड्ड चालणि मिहो कहा सोउमुट्टियाणं तु ।
छिड्डाइ तत्थ विट्ठो सुमरिंसु सरामि नेदाणिं ॥ १ ॥
एगेण विसइ बीएण नीइ कण्णेण चालणी आह ।
धन्नोत्थ आह सेलो जं पविसइ नीइ वा तुज्झं ॥ २ ॥ "

" મુદ્ગશૈલ, છિદ્રઘટ અને ચાલણી એ ત્રણે પ્રકારના શિષ્યો કથા સાંભળવા બેઠા હતા. ત્યાંથી ઉઠ્યા પછી તેઓ પરસ્પર વાતો કરવા લાગ્યા. તેમાં છિદ્રઘટ જેવો શિષ્ય બોલ્યો કે–" ત્યાં ( કથામાં ) બેઠો હતો ત્યારે મને સર્વ અર્થ સાંભરતો હતો, પણ હમણાં તો કાંઈ પણ સાંભરતું નથી. " ત્યારે ચાલણી જેવો શિષ્ય બોલ્યો કે–" મારે તો એક કાનમાં પેઠું અને બીજા કાનેથી નીકળી ગયું છે. " પછી મુદ્ગશૈલ જેવો શિષ્ય બોલ્યો કે–" મારા કાનમાં તો પેઠુંજ નથી. " તેથી આ ચાલણી જેવો શિષ્ય પણ યોગ્ય નથી.

ચાલણીથી ઉલટું દૃષ્ટાંત વાંસના દળનું બનાવેલું તાપસનું એક જાતિનું પાત્ર થાય છે તેનું છે. તેમાં નાંખેલ જળમાંથી એક બિંદુ માત્ર પણ બહાર નીકળતું નથી. કહ્યું છે કે—" तावसखउरकाढिणयं चालणिपडिवक्खो न सवइ दव्वं पि " ચાલણીનું પ્રતિપક્ષી દૃષ્ટાંત તાપસના એક પ્રકારના કાષ્ટના પાત્રનું છે. તેમાં રહેલ વસ્તુ બીલકુલ ઝરી જતી નથી, તેના જેવો શિષ્ય યોગ્ય છે.

## પરિપૂણક દૃષ્ટાંત. (૪)

પરિપૂણક એટલે ઘી દૂધને ગળનાર ગરણી અથવા સુઘરી નામની ચકલીનો માળો કહેવાય છે. તેણે કરીને ગોવાળણો ઘી ગળે છે. તેથી જેમ તે પરિપૂણક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કચરાને ધારી રાખે છે અને ઘીને તજી દેછે—બહાર કાઢે છે, તેમ તેવી જાતિના શિષ્ય પણ વ્યાખ્યાન અને વાંચના વિગેરેના દોષોનેજ ગ્રહણ કરે છે, અને ગુણોને મૂકી દેછે—તજી દે છે. તે શિષ્ય પરિપૂર્ણકની સદૃશ જાણવો, તે અયોગ્ય છે. તે વિષે આવશ્યક ચૂર્ણિકાર કહે છે કે—

" वक्खाणाइसु दोसा हियवंमि ठवेइ मुयइ गुणजाले ।
सो सीसो य अजोगो भणिओ परिपूणगसमाणो ॥ १ ॥ "

" જે શિષ્ય વ્યાખ્યાનાદિકના દોષોનેજ હૃદયમાં ધારણ કરે અને ગુણના સમૂહને મૂકી દે, તે પરિપૂર્ણકની જેવો અયોગ્ય શિષ્ય કહેલો છે."

અહીં કોઈ શંકા કરે કે—" સર્વજ્ઞના મતમાં પણ દોષોનો સંભવ હોય છે, એ વાતજ શ્રદ્ધા કરવા લાયક નથી, એટલે જ્યારે સર્વજ્ઞના મતમાં દોષજ નથી ત્યારે પછી દોષગ્રાહી શિષ્ય કેવી રીતે હોય ? " આ શંકાનો જવાબ આપે છે કે તારૂં કહેવું સત્ય છે. પરંતુ દોષનો સંભવ ભાષ્યકારે આ પ્રમાણે કહ્યો છેઃ—

" सव्वण्णुप्पणीया दोसा हु न संति जिणमए केऽवि ।
जं अणुवउत्तकहणं अपत्तमासज्ज व हवंति ॥ १ ॥

" સર્વજ્ઞે કહેલા જિનમતને વિષે કાંઇપણ દોષ નથી. પરંતુ ઉપયોગ વિના વ્યાખ્યાનાદિકમાં જે કાંઈ કહેવાયું હોય તેમાં દોષનો સંભવ છે, અથવા આ જિનમત અપાત્ર પુરૂષને પામીને પણ દોષરૂપ થઇ જાય છે. અર્થાત્ આવા કારણથી દોષનો સંભવ છે. "

## હંસ દૃષ્ટાંત. (૫)

હવે પાંચમું હંસનું દૃષ્ટાંત આ રીતે છે જેમ હંસ જળમિશ્રિત દૂધમાંથી પણ જળનો ત્યાગ કરીને કેવળ દૂધ જ પીએ છે, તેમ તેવા પ્રકારના શિષ્ય પણ ગુરૂના અનુપયોગપણાથી ઉત્પન્ન થયેલ કથંચિત્ દોષોનો ત્યાગ કરીને કેવળ ગુણોને જ ગ્રહણ કરે છે, તે હંસ સમાન શિષ્ય એકાંતપણે યોગ્ય છે. અહીં કોઈ શંકા કરે કે—" હંસ જળમિશ્રિત એવા દૂધને શી રીતે જૂદું કરે છે કે જેથી કરીને તે કેવળ દૂધનેજ પીએ છે, અને જળ પીતો નથી ? " આનો જવાબ એ છે જે—" હંસની જીહ્વા આમ્લ એટલે ખટાશવાળી છે, તેથી તેમાં ચાંચ બોળવાથી જેટલો દૂધનો ભાગ હોય તેટલો દહીંની જેમ સ્થૂળ થઈ જાય છે, અને પાણી જૂદું પડી જાય છે. કહ્યું છે કે—

अम्बत्तणेण जीहाए कूचिया होइ खीरमुदयम्मि ।
हंसो मोत्तूण जलं आपियइ पयं तह सुसीसो ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मोत्तूण दइं दोसे गुरुणाणुवउत्त भासियाइं पि ।
गिण्हइ गुणाइ जो सो पावइ समयत्थसारस्स ॥ २ ॥

"હંસની જીહ્વામાં ખટાશપણું હોવાથી જળમાં રહેલું દૂધ કૂચારૂપ એટલે દહીંના ફોદારૂપ થાય છે, એટલે હંસ જળને મૂકીને કેવળ દૂધને જ પીએ છે, તેમ સુશિષ્ય પણ ગુરૂએ અનુપયોગપણે કહેલા દોષો છોડીને સૂત્રાર્થના સારભૂત ગુણોને જ ગ્રહણ કરે છે."

## મહિષ દૃષ્ટાંત. (૬)

હવે છઠ્ઠું મહિષનું દૃષ્ટાંત કહે છે–જેમ મહિષ (પાડો) જળાશયને પામીને જળમાં પ્રવેશ કરી તે જળને વારંવાર શીંગડાવડે તાડન કરતો કરતો આગળ ચાલે છે, અને સઘળાં જળને કલુષ ( ડોળું ) કરી નાંખે છે; પછી પોતે તે જળ પી શકતો નથી, તેમજ યૂથ ( પશુનો સમૂહ ) પણ તે પાણી પી શકતું નથી; તેજ પ્રમાણે કુશિષ્ય પણ વ્યાખ્યાનના અવસરે અકસ્માત કુતર્ક યુક્ત પ્રશ્નોવડે અથવા કલહ અને વિકથાદિકવડે પોતાને તથા બીજાઓને પણ અનુયોગ શ્રવણ કરવામાં વિઘાત કરે છે, તે મહિષ સમાન છે, અને તે એકાંતે અયોગ્ય છે. કહ્યું છે કે—

" सयमवि न पियइ महिसो न य जूहं पियति लोडियं उदयं ।
विग्गह विकहाहि तहा अत्थ कुपुच्छाहि य कुसीसो ॥ १ ॥

"પોતે ડોળી નાંખેલા પાણીને પાડો પોતે પી શકતો નથી, અને યૂથ પણ પી શકતું નથી. તેજ પ્રમાણે કુશિષ્ય પણ કલહ અને વિકથાદિકે કરીને અથવા કુપ્રશ્નોએ કરીને પોતે પણ સૂત્રાર્થનું પાન કરી શકતો નથી તથા બીજાઓ પણ તેનું પાન કરી શકતા નથી."

## મેષ દૃષ્ટાંત. (૭)

હવે સાતમું મેષ દૃષ્ટાંત આ પ્રમાણે છે.—મેષ ( ઘેટા ) નું મુખ નાનું હોવાથી અને પોતે સ્વભાવે શાંત હોવાથી ગાયની ખરી જેટલી ભૂમિમાં પણ રહેલા જળને કલુષ ( ડોળું ) કર્યા વિના જ પીએ છે. તેજ રીતે એવો શિષ્ય પણ એક પદ ( શબ્દ ) માત્રને પણ વિનય પૂર્વક આચાર્યના ચિત્તને પ્રસન્ન કરતો સતો જ પૂછે છે, તેવા શિષ્યને મેષ સમાન જાણવો. તે એકાંતે યોગ્ય છે.

## મસક દૃષ્ટાંત. (૮)

આઠમું મસક ( મચ્છર ) નું દૃષ્ટાંત આ રીતે છે—જે શિષ્ય મસકની જેમ જાતિ વિગેરેના દોષોને પ્રગટ કરીને ગુરૂના મનમાં વ્યથા ઉપજાવે છે, તેને મસક સમાન જાણવો. તેવો શિષ્ય અયોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જલૌક દૃષ્ટાંત. (૯)

નવમું જલૌક દૃષ્ટાંત આ રીતે—જેમ જલૌકા (જળો) શરીરમાં દુઃખ ઉપજાવ્યા વિના રૂધિરને પી જાય છે, તેમ જે શિષ્ય ગુરૂને દુઃખ ઉપજાવ્યા વિના જ તેમની પાસેથી શ્રુતજ્ઞાનનું પાન કરે છે, તે જલૌક સમાન જાણવો. કહ્યું છે કે—

"जलुगा व अदूमंतो पिवइ सुसीसो वि सुयनाणं"।

જલૌકાની જેમ સુશિષ્ય પણ ગુરૂને દુઃખ આપ્યા વિના જ શ્રુતજ્ઞાનનું પાન કરે છે." આવો શિષ્ય યોગ્ય જાણવો.

## બિલાડી દૃષ્ટાંત. (૧૦)

દશમું બિલાડીનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.—જેમ બિલાડી પોતાનો દુષ્ટ સ્વભાવ હોવાથી પાત્રમાં રહેલા દૂધને પૃથ્વીપર ઢોળી નાંખીને પછી પીએ છે, તેમ તેવા શિષ્ય પણ વિનયાદિક રહિત હોવાથી સાક્ષાત્ ગુરૂ પાસે જઇને વ્યાખ્યાનાદિ સાંભળતા નથી; પરંતુ વ્યાખ્યાન સાંભળીને ઉઠેલા શ્રાવકાદિને પૂછી પૂછીને કાંઇક સમજતા જાય છે, તેવા શિષ્યોને બિલાડી સમાન જાણવા. તે અયોગ્ય છે.

## જાહક દૃષ્ટાંત. (૧૧)

હવે અગ્યારમું જાહકનું દૃષ્ટાંત કહે છે.—જાહક એક જાતનું પક્ષી છે. તે થોડું થોડું દૂધ પીતું જાય છે અને પડખાનો ભાગ ચાટતું જાય છે તેમ તેવો શિષ્ય પણ પ્રથમ ગ્રહણ કરેલ સૂત્ર કે તેનો અર્થ અત્યંત વિચારીને પછી આગળ પૂછે છે, તેવા શિષ્યને જાહક સમાન જાણવો, તે યોગ્ય છે.

## ગો દૃષ્ટાંત ૧૨.

બારમું ગો દૃષ્ટાંત આ પ્રમાણે છે–કોઇ કુટુંબિકે (કણબીએ) કોઇક પર્વણિમાં ચાર વેદ જાણનારા ચાર બ્રાહ્મણોને એક ગાયનું દાન આપ્યું. ત્યારે તેઓ પરસ્પર વિચાર કરવા લાગ્યા કે–"આ ગાય એક જ છે, અને આપણે ચાર છીએ, માટે કેમ કરવું?" ત્યારે એક બ્રાહ્મણે કહ્યું–"આપણે એક એક દિવસ વારા પ્રમાણે દોઇને દુધનો લાભ લઇએ." આ વિચાર ઠીક લાગ્યો, તેથી સર્વેએ તે વાત અંગીકાર કરી. પછી પહેલે દિવસે જેને ત્યાં ગાય આવી, તેણે વિચાર કર્યો કે "હું તો માત્ર આજેજ આ ગાયને દોહીશ, અને કાલે તો બીજો દોશે, તો હું શા માટે આજે આ ગાયને ચારો ખવરાવું?" એમ વિચારીને તેણે તે ગાયને કાંઇપણ ખવરાવ્યું નહીં. એજ પ્રમાણે બીજા ત્રણ બ્રાહ્મણોએ પણ એવો જ વિચાર કરીને તે ગાયને કાંઇપણ ખવરાવ્યું નહીં, તેથી તે ગાય જાણે ચંડાળના કુળમાં જઇને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડી હોય તેમ ઘાસ પાણી વિના મૃત્યુ પામી. તેથી કરીને લોકમાં તેમનો ધિક્કારવા યોગ્ય ( નીચ ) જાતિવાળાની જેવો અવર્ણવાદ પ્રવર્ત્યો. તથા બીજી ગાયોના દાનની પ્રાપ્તિનો પણ અભાવ થયો. એજ પ્રમાણે જે શિષ્યો એવો વિચાર કરે કે-" આચાર્ય મહારાજ કેવળ આપણને જ વ્યાખ્યાન આપે છે, એમ નથી. પરંતુ [1] પ્રાતીચ્છિક સાધુઓને પણ વ્યાખ્યાન આપે છે, તેથી તે સાધુઓ જ આચાર્યનો વિનયાદિક કરશે, આપણે વૃથા શા માટે વિનયાદિક કરવો જોઈએ ?" પ્રાતિચ્છિક સાધુઓ પણ એ પ્રમાણેજ વિચાર કરે કે-" આચાર્યના પોતાના શિષ્યો જ તેનું સર્વ કામ કરશે, આપણે તો થોડો વખત જ અહીં રહેવાનું છે તેથી આપણે શા માટે વિનયાદિક કરવો જોઇએ ?" આ પ્રમાણે બન્ને પ્રકારના સાધુઓના વિચારથી તે બે સમૂહ વચ્ચે આચાર્ય મહારાજ સીદાય છે, અને લોકમાં તે સર્વ સાધુઓનો અવર્ણવાદ પ્રવર્તે છે. તેથી બીજા ગચ્છમાં પણ તેમને સૂત્રાર્થનો લાભ થતો અટકે છે. આવા શિષ્યો ગાયનું દાન લેનારા ચાર બ્રાહ્મણોની જેવા અયોગ્ય જાણવા. કહ્યું છે કે—

" अन्नो दुज्जिह कल्लं निरत्थयं से वहामि किं चारिं ।
चउचरणगवी उ मया अवन्न–हाणी उ बडुआणं ॥ १ ॥
सीसा पडिच्छगाणं भरोत्ति तेऽवि य हु सीसगभरोत्ति ।
न करेंति, सुत्तहाणी अन्नत्थ वि दुल्लहं तेसिं ॥ २ ॥

" કાલે બીજો દોશે, માટે તે ગાયને હું નિરર્થક ચારો શા માટે આપું ? એમ સર્વના વિચારથી ચાર ચરણવાળી ગાય મરણ પામી, અને તે બટુકો ( બ્રાહ્મણો ) નો અવર્ણવાદ થયો તથા બીજી મળતી ગાયો પણ બંધ થઇ ( ૧ ) તેજ પ્રમાણે શિષ્યો પણ એવો વિચાર કરે કે-" પ્રાતિચ્છિક સાધુઓનો સમૂહ ગુરૂની સેવા કરશે." અને તે પ્રાતિચ્છિક સાધુઓ વિચાર કરે કે-"આચાર્યના પોતાના શિષ્યોનો સમૂહ તેમની વૈયાવચ્ચ કરશે." એમ વિચારીને કોઇપણ ગુરૂનો વિનય કરે નહીં, તેથી તેમને સૂત્રાર્થની હાનિ થાય છે, તથા બીજા ગચ્છમાં પણ તેમને સૂત્રાર્થની પ્રાપ્તિ દુર્લભ થાય છે. ( ૨ )"

આ ગો દૃષ્ટાંતની વિપરીત યોજના પણ આ રીતે કરવી—કોઈ કુટુંબિકે ધર્મની શ્રદ્ધાથી ચારે વેદને જાણનારા ચાર બ્રાહ્મણોને એક ગાયનું દાન કર્યું. તે બ્રાહ્મણોએ પૂર્વે કહ્યા પ્રમાણે વિચાર કરીને અનુક્રમે ( એક એક દિવસના વારા પ્રમાણે ) ગાય દોવાનો આરંભ કર્યો, તેમાં જે બ્રાહ્મણને પહેલે દિવસે ગાય દોવાનો

[1] બીજા ગચ્છના સાધુઓ પોતાના ગુરૂની આજ્ઞાથી સૂત્રાર્થ ભણવા આવેલા હોય તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વારો આવ્યો, તેણે વિચાર કર્યો કે—" જો હું આ ગાયને ચાર નહીં આપું તો ક્ષુધાને લીધે ધાતુનો ક્ષય થવાથી આ ગાય પ્રાણનો ત્યાગ કરશે, અને તેથી લોકોમાં મને ગોહત્યાનો અવર્ણવાદ પ્રાપ્ત થશે, અને વળી ફરીથી કોઈપણ અમને ગાયનું દાન આપશે નહીં. વળી જો મારી ચાર ખાઇને પુષ્ટ થયેલી આ ગાયને બીજા ભાગીદાર બ્રાહ્મણો દોહશે તો તેથી તેમને ઘણો લાભ થશે, અને હું પણ અનુક્રમે ( વારા પ્રમાણે ) ફરીથી આને દોહીશ. તેથી અવશ્ય આને મારે સારી રીતે ચારો આપવોજ જોઇએ. " એમ વિચારીને તેણે ગાયને ચાર આપી. એજ પ્રમાણેના વિચારથી બીજા બ્રાહ્મણોએ પણ ગાયને ચાર આપી. તેથી તે સર્વે ચિરકાળ સુધી દૂધ ખાઇને સુખી થયા. લોકમાં પણ તેમનો સાધુવાદ પ્રવર્ત્યો, તથા લોકો થકી બીજું ગાય વિગેરેનું ઘણું દાન પામ્યા. એજ પ્રમાણે શિષ્યો પણ જેઓ એમ વિચારે કે—" જો આપણે આચાર્યનું કાંઈ પણ વિનયાદિક નહીં કરીએ તો આ ગુરૂમહારાજ સીદાઇને અવશ્ય પ્રાણ રહિત થશે અને લોકોમાં " આ કુશિષ્યો છે " એવો અમારો અવર્ણવાદ થશે. તેથી કરીને બીજા ગચ્છમાં પણ અમને અવકાશ ( સ્થાન ) મળશે નહીં. વળી આ ગુરૂ અમને દીક્ષા લેવાનો ઉપદેશ અને મહાવ્રતનું આરોપણ વિગેરે કરવાથી અમારા મોટા ઉપકારી છે, અને હમણાં જગતમાં દુર્લભ એવું શ્રુતરૂપી રત્ન સર્વને આપે છે, તેથી અવશ્ય અમારે આ ગુરૂનું વિનયાદિક કરવું જોઇએ. વળી અમોએ કરેલા વિનયાદિક રૂપી સહાયના બળથી પ્રાતિચ્છિક સાધુઓનો આચાર્ય થકી ઉપકાર થાય છે. તેથી અમને દ્વિગુણ પુણ્યનો લાભ થશે." પ્રાતિચ્છિક સાધુઓ પણ એમ વિચારે કે—" આ પૂજ્ય આચાર્ય અમારા નિષ્કારણ ઉપકારી છે. બીજો કોણ અમારે માટે આટલો બધો વ્યાખ્યાનનો પ્રયાસ લે ? અમે તેમના પર શો પ્રત્યુપકાર કરી શકીએ તેમ છે ? તો પણ અમે જે કાંઈ તેમનો વિનયાદિક કરી શકીએ તેથી અમને મોટો લાભ છે. " એમ વિચારીને બીજા સાધુઓની અપેક્ષા રાખ્યા વિનાજ વિનયાદિક કરે છે, તેથી આચાર્ય સીદાતા નથી. સૂત્રાર્થની પ્રવૃત્તિ અવિચ્છિન્ન ચાલે છે, અને સર્વત્ર તેમનો સાધુવાદ પ્રવર્તે છે, વળી બીજા ગચ્છમાં પણ તેમને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ સુલભ થાય છે, અને પરલોકમાં સદ્ગતિનો લાભ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# दुःखितेषु कुरु दयां.

## બારમું સૌજન્ય.

( લેખક—કાપડીયા મોતીચંદ ગીરધરલાલ–સોલીસીટર. )

( ૨ )

ઉત્ક્રાન્તિને અંગે આ પ્રાણીને કેવાં કેવાં સાધનધર્મો ઇષ્ટ ગણાય છે તેનો વિચાર કરી જવાથી આ હકીકત સ્પષ્ટ થશે. જ્યારે અનાદિ રૂઢ પ્રવૃત્તિ દૂર કરી શુદ્ધ માર્ગ પર આવવાનો સમય થાય છે, ત્યારે આ પ્રાણી આત્મોત્થાનનાં ઉપાયો શોધે છે. એ સંબંધમાં જેઓએ બહુ સારી રીતે અભ્યાસ અને અવલોકન કર્યું છે, તેઓ આ ઉપાયમાં ચાર ઉપાયની મુખ્યતા બતાવે છે. એ ચારે ઉપાય આત્મોત્થાનને અંગે બહુ અગત્યના હોવાથી આપણે વિચારી જઈએ. એ દરેક ઉપાય પ્રાથમિક છે, આત્મોત્થાન થવાની શરૂઆતમાં આદરવા યોગ્ય છે અને ખાસ જરૂરી છે.

[1]( ક ) પ્રથમ ઉપાય દેવગુરૂ પૂજન છે. જેઓ પરમ સાધ્ય પામી ગયા હોય તેમને આદર્શ તરીકે રાખવાને દેવપૂજન અને શુદ્ધમાર્ગ બતાવનાર અથવા પોતાના ઉપર ઉપકાર કરનાર ગુરૂજન તેનું પૂજન કરવું, તેમને યોગ્ય માન સન્માન આપવું અને અંતઃકરણમાં તેમને માટે ભક્તિ રાખવી એ પ્રથમ યોગપ્રાપ્તિનો ઉપાય છે. ભક્તિયોગની પ્રબળ સાધનરૂપતા અહીં સ્પષ્ટ સિદ્ધ કરી છે. દેવપૂજનને અંગે પણ દ્રવ્ય અને ભાવ પૂજન થાય છે. એ દ્રવ્યપૂજનમાં આઠ, સત્તર ને એકવીશ પ્રકારે પૂજન થાય છે. એ સર્વમાં કાંઇક હિંસા તો અવશ્ય થાય છે, પરંતુ એ કરતી વખતે અધ્યવસાયની નિર્મળતા અતિ વિશિષ્ટ હોય છે, સાધ્ય સ્પષ્ટ અને આત્મા તરફ અથવા તો આત્મગુણ પ્રકટીકરણ તરફ હોય છે, તેથી તેમાં હિંસાનો–આશ્રવનો આશય રહેતો નથી અને તેમ હોવાથી તે આદરણીય ગણાય છે. એવીજ રીતે ગુરૂપૂજનને અંગે શુદ્ધ માર્ગ બતાવનાર ગુરૂમહાત્માનું પૂજન કરવુ, તેઓને માન આપવું, તેઓનું આદરાતિથ્ય કરવું એ સર્વનો સમાવેશ ગુરૂપૂજનમાં થાય છે. અને તેમાં પણ કાંઇક બાહ્યદષ્ટિએ હિંસા લાગે પણ તેમાં આશય શુદ્ધ હોવાથી એનો સ્વદયામાં સમાવેશ થાય છે.

( ખ ) દાન–ઉચિત દાન યોગ્ય પાત્રને, યોગ્ય વખતે, યોગ્ય રીતે, સન્માનપૂર્વક આપવું. અન્ય ઉપર દયા કરવી તે અનુકંપાદાન છે. દાન આપવામાં વિવેકની ખાસ

૧ વિસ્તાર માટે જુઓ ' જૈન દષ્ટિએ યોગ ' પૃ. ૯૫ થી ૧૦૦

For Private And Personal Use Only

જરૂર છે. રોગીને અપથ્યનું દાન આપવું તેમાં વિવેક નથી તેથી તે દાન ન કહેવાય. અર્થાત્ ત્યાગ વૃત્તિવાળા ગુરૂને સાંસારિક વિષયમાં આસક્ત કરે તેવું, તેમને અણખપતું અયોગ્ય દાન ન આપવું–તેવી નિમંત્રણા પણ ન કરવી. ત્યાગધર્મની શરૂઆત દાન આપવાથી થાય છે અને આગળ જતાં પરવસ્તુ સર્વનો અને છેવટે શરીરનો પણ ત્યાગ કરવાનો છે તેની શરૂઆત ઉચિત દાનથી થાય છે, કીર્ત્તિદાનથી પણ થાય છે, તેથી આત્મોત્થાન કરવાની શરૂઆતમાં અતિ અગત્યની વસ્તુમાં દાનનો ખાસ સમાવેશ કરવામાં આવ્યો છે.

**સદાચાર**—નીતિનાં ઉત્તમ નિયમોને અનુસરવાના શુદ્ધ આત્મ સન્મુખપણાને સદાચાર કહેવામાં આવે છે. દયાળુપણું, દાક્ષિણ્ય, કૃતજ્ઞતા, નિંદાત્યાગ, અદૈન્ય[1], સત્પ્રતિજ્ઞત્વ[2], મિતભાષિતા[3], શુભ બાબતમાં ધનવ્યય, સૌજન્યના સર્વ નિયમો, પ્રમાણિકતા વિગેરે સર્વનો અત્ર સમાવેશ થાય છે. તે વ્યવહાર દૃષ્ટિએ ઉત્તમ મનુષ્ય કહેવાય, તેના પર ગમે તે પ્રાણી શંકા વગર વિશ્વાસ મૂકે એવું સીધું, શુદ્ધ અને સરળ વર્તન સદાચારને અંગે થઈ જવું જોઈએ. આગળ વધતાં માર્ગાનુસારીના ગુણો જે પર 'કીર્ત્તિપાલન'ના વિષયમાં અગાઉ વિચાર કરી ગયા છીએ તે સર્વનો અહીં સમાવેશ થાય છે.

(ગ) **તપ**—ઇંદ્રિયોપર સંયમ લાવનાર બાહ્ય અને અભ્યંતર તપ કરવાથી ત્યાગભાવ પ્રાપ્ત થાય છે અને પરભાવરમણતા ઓછી થાય છે. ઉપરાંત એનાથી પોતાની જાતપર–પોતાના મનપર એક પ્રકારનો સંયમ આવતો જાય છે, મળેલ હોય તે વસ્તુનો અથવા મળી શકે તેવી વસ્તુનો ત્યાગ કરવો એ કાંઇ સાધારણ બાબત નથી અને એવી રીતે મળી શકે તેવી વસ્તુ વિચારપૂર્વક ત્યજી દેવી એ આત્મસંયમમાં આગળ વધવાનું પગથીયું છે. આ હદમાં રહેલાની બાહ્ય તપના સંબંધમાં વિશેષ પ્રવૃત્તિ થઇ શકે.

(ઘ) મોક્ષ અદ્વેષ. આ સંસારપર રૂચિનો ત્યાગ હોય કે ન હોય એ હજુ શરૂઆતને અંગે નિર્ણિત કહી શકાય નહિ, પણ એ પ્રાણીનું ઉત્થાન થવા માંડે તે વખતથી તેને મોક્ષ ઉપર દ્વેષ ન જ હોવો જોઇએ. તેના મનમાં કદિ પણ એમ થવું ન જોઇએ કે મોક્ષમાં તે શું આનંદ આવશે? ત્યાં જઇને શું કરવું? ત્યાં રહેવું કેમ ગમશે? સંસારના સર્વ ભાવોપર કાંઇક અરૂચિ થવાની શરૂઆત સાથે મોક્ષ તરફ આવા પ્રાણીને દ્વેષ હોતો નથી. આ માનસિક ઉપાય છે અને આપણા ચાલુ વિષય સાથે તેને બહુ સંબંધ નથી.

આત્મોત્થાનમાં પ્રગતિ કરતાં ત્યારપછી આ પ્રાણીનું સાંસારિક જીવન–વ્યવહાર જીવન શુદ્ધતર થતું જાય છે, વ્યવહારને અંગે તેનામાં બહુ ઉત્તમ ગુણો આવતા જાય છે, જનસેવા કરવામાં તેની વૃત્તિઓ વિશેષ પ્રવૃત્ત થતી જાય છે અને

૧ દીનતાનો અભાવ. ૨ પ્રતિજ્ઞા બરાબર પાળવી તે ગુણ. ૩ જરૂર પૂરતું ઓછું બોલવું તે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેટલું બને તેટલું પરપ્રાણીનું હિત કરવામાં-અન્યનાં દુઃખો ઓછા કરવામાં અને બીજા પ્રાણીઓને સહાય કરવામાં તે પોતાના જીવનની સફળતા માને છે. ઉચ્ચ કોટિના વ્યવહારને નભાવતાં વર્તનના વિશિષ્ટ ગુણો આદરતાં બને તેટલી સમુદાય-સેવા કરવામાં તે પ્રવૃત્ત રહે છે અને પોતાની શક્તિ, અવકાશ કે અનુકૂળ સંયોગોનો ઉપયોગ તે પોતાના હિતને અંગે ન કરતાં-ન વાપરતાં અન્યનું ભલું કરવામાં વાપરે છે. આવી રીતે અન્ય હિત કરવા જતાં, સમાજસેવા કરવા જતાં તથા દાન આપતાં, પૂજન કરતાં વિગેરે કોઇપણ આત્મોત્થાનના ઉપાયો અમલમાં મૂકતાં કોઇપણ પ્રકારની હિંસા થઇ જવી અનિવાર્ય છે. કારણ કે કોઇપણ કાર્ય કરતાં હાલવું, ચાલવું, લેવું, મૂકવું થયા કરે છે; પરંતુ એ સર્વમાં આશય શુદ્ધ હોવાને લીધે પરિણામની નિર્મળતા રહે છે અને તેથી તે સર્વનો સ્વદયામાં સમાવેશ થાય છે. તીર્થયાત્રા, જિનપૂજા, સ્વામીવાત્સલ્ય અથવા જનસેવાનાં કાર્યો કરતાં જીવવિનાશના પ્રસંગો આવ્યા કરે છે તે તુરત ગ્રાહ્યમાં આવે તેવી બાબત છે, પરંતુ એ પ્રસંગે ચેતના સ્વરૂપાવલંબી રહેતી હોવાથી, સાધ્ય વિશુદ્ધ હોવાથી અને પરભાવમાં રમણતા અલ્પ હોવાથી તેટલા પૂરતો લાભ સ્પષ્ટ છે. અન્ય જીવોને ઉપદેશ આપવા સાધુ નવકલ્પી વિહાર કરે, વિશુદ્ધ તીર્થસ્થાનોમાં જઇ ત્યાંના શુદ્ધ વાતાવરણનો ઉપયોગ આત્મપ્રગતિ માટે કરે, અન્ય પ્રાણીઓને વિશુદ્ધ બોધ થાય તે સારૂ પુસ્તકો લખે, લખાવે કે વંચાવે વિગેરે સર્વ કાર્યોમાં અંતર્ગત રહેલી હિંસાને શાસ્ત્રકાર સ્વદયામાં સમાવે છે તે યોગ્ય છે. આટલા ઉપરથી કહેવાનો આશય એ છે કે જે કાર્યો કરવાથી કષાયસ્થાનની મંદતા થાય, આજ્ઞાધર્મનું પાળવાપણું થાય અને ચેતના સ્વરૂપાનુયાયી રહે તે સર્વનો સમાવેશ **સ્વદયામાં** થાય છે. અહીં આત્માની ઉત્ક્રાન્તિના ઉપાયોની વાત કરી તે દરેક પ્રાણીને પોતપોતાના સંયોગો પ્રમાણે જૂદા જૂદા પ્રકારના હોય છે અને તેમાં પણ જેઓ પ્રાથમિક અવસ્થામાં હોય છે તેઓના ઉપાયો તદ્દન જૂદા હોય છે, જ્યારે આગળ વધેલા હોય છે તેઓના ઉપાયો જૂદા હોય છે. વ્યાધિગ્રસ્ત અવસ્થામાં અપાયલું ઉત્તમ રસાયણ લાભ આપતું નથી એટલુંજ નહિ પણ લાભને બદલે હાનિ કરે છે, શરીરે ફુટી નીકળે છે અને ઉલટો ત્રાસ આપે છે; તેમજ સાત ચોપડી ભણી ગયેલાઓ એકદમ ન્યુટ્યા કરવા તે પણ નકામું છે. આ સર્વ બાબતો ઉપાયોની યોજનાને અંગે ખાસ વિચારવા યોગ્ય છે. તેમાં પણ પોતે શરૂઆતની સ્થિતિમાં હોય તેને બદલે આગળ વધી ગયેલ છે એમ માની લેવાની ઘણીવાર ભૂલ થઇ જવાનો સંભવ છે, તેની સામે પણ ઘણી સંભાળ રાખવાની જરૂર છે. આ પ્રસંગ અન્યત્ર ખાસ વિચારવા યોગ્ય છે. અહીં પ્રસ્તુત બાબત એટલી છે કે ઉપાય ધર્મો-સાધનોનું સેવન કરતાં હિંસાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનિવાર્ય પ્રસંગો પ્રાપ્ત થઇ જાય તો તેથી સહજ દોષ થતો હોય તેના કરતાં આત્મપ્રગતિનો લાભ ઘણો વધારે થતો હોવાથી તેવા પ્રસંગો જોઇ અટકી જવું નહિ. કારણ કે અનાદિ કાળથી આત્માની જે અવનતિ થઇ છે અને પરભાવ રમણ કરવાની તેને મિથ્યાગ્રહને લીધે ટેવ પડી ગઇ છે, તેમાંથી મૂકાવાનો ઉપાય તેજ છે. અનાદિ મિથ્યાભાવને લીધે આત્માના ભાવપ્રાણ હણાતાં હોય છે તેના પર દયા લાવી તેના ભાવપ્રાણનો નાશ અટકાવવા પ્રયત્ન કરવો અને પરસત્તાનો પરિહાર કરી સ્વસત્તા સ્થાપન કરવી, તેનું નામ **સ્વદયા** કહેવામાં આવે છે.

૪ **પરદયા**—સર્વ જીવો જીવન ચહાય છે. મરણ કોઇને ગમતું નથી. મરવાનાં પ્રસંગો દૂરથી જણાતાં પણ પ્રાણી અત્યંત ખેદ કરે છે. સંજ્ઞી જીવોને મરણ ગમતું નથી તે તેમના મનદ્વારા જણાય છે. અસંજ્ઞી જીવોને પણ મરણ વખતે બહુ વેદના થાય છે. આવો વિચાર કરી પરપ્રાણીના પ્રાણ બચાવવા પ્રયત્ન કરવો તેનું નામ **પરદયા** છે. અન્ય જીવને પીડા થાય તેવું કાર્ય કરવા યોગ્ય નથી. પરજીવના પ્રાણ લેવાનો પોતાને કાંઇ હક પણ નથી, એવો વિચાર કરી પરજીવની દયા ચિંતવે તેનું નામ પરદયા છે. અહીં જે દયા પળાય છે તે લગભગ દ્રવ્યદયા જેવીજ હોય છે, પરંતુ દ્રવ્યદયા અને પરદયામાં તફાવત એટલો છે કે દ્રવ્યદયામાં જ્યારે લક્ષ્ય માત્ર જયણા પૂર્વક વર્તન કરવા તરફ હોય છે ત્યારે પરદયામાં લક્ષ્ય પર પ્રાણી તરફ હોય છે. દ્રવ્યદયા પાળતાં પ્રાણીને એમ વિચાર થાય છે કે જયણા પૂર્વક ચાલવું તે જૈન ધર્મ પાળનારનો કુળધર્મ છે, અહિંસા પરમો ધર્મ: એ મહાન્ સત્ય છે અને તેને અનુસરવાની પોતાની ફરજ છે; ત્યારે આ પરદયા પાળતાં પ્રાણીને પોતાના વર્તન તરફ લક્ષ્ય ખાસ રહેતું નથી, પણ તેને અન્ય પ્રાણીને મરણ થતાં કેટલી પીડા થશે—એના પ્રાણને કેટલી યાતના વેઠવી પડશે એ તરફ લક્ષ્ય રહે છે. જેઓએ આ દયાના સંબંધમાં દીર્ઘ વિચાર કર્યો છે તેઓ કહે છે કે જ્યાં સ્વદયા છે ત્યાં પરદયા જરૂર હોય છે, પરદયા હોય છે ત્યાં સ્વદયા હોય પણ ખરી અને ન પણ હોય, એટલે જ્યારે પ્રાણી સ્વદયા પાળે છે, આત્મ સ્વરૂપ સમજે છે, કર્તવ્ય અકર્તવ્યનું ભાન બરાબર રાખે છે અને ચેતનાને સ્વરૂપાનુયાયી કરે છે તે વખતે તે પરદયા જરૂર પાળે છે એટલે સ્વદયા પાળતાં પરદયા જરૂર પળાઇ જાય છે; પરંતુ પરદયા પાળતો હોય પણ વસ્તુસ્વરૂપ સમજતો ન હોય બહારથી અથવા ઉપર ઉપરથી લોકવ્યવહારને અંગે જીવરક્ષા કરતો હોય છતાં તે માટે તે અભિમાન કરતો હોય અથવા અંગારમર્દકાચાર્યની પેઠે મનમાં તદ્દન નિર્ધ્વંસપણું હોય તો તેથી પરદયા પાળતાં છતાં પણ સ્વદયા પળાતી નથી, આટલા ઉપરથી સ્વદયા જ્યારે આત્મતત્ત્વ ઉપર લક્ષ્ય આપે છે, ત્યારે પરદયા વ્યવહારથી અને ઉપર ઉપરથી થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ જણાય છે, આવીજ રીતે વિચાર કરીએ તો ભાવદયા અને સ્વદયામાં પણ રહેલો તફાવત ધ્યાનમાં આવી જશે. ભાવદયામાં લક્ષ્ય અન્ય જીવ તરફ હોય છે, સ્વદયામાં પોતાની તરફ હોય છે. ભાવદયા પાળતાં સ્વદયા જરૂર પળાઈ જાય છે એ નિયમ ધ્યાનમાં રાખવો. ધ્યાનસ્વરૂપમાં લક્ષ્યસ્થાન ઉપર બહુ આધાર રહે છે, એ હજુ બાકીના એજ વિષયના વિભાગો વિચારવાથી બરાબર જણાઈ આવશે.

૫ **સ્વરૂપદયા**—આ લોક અથવા પરલોકના સુખને લક્ષ્યમાં રાખી ઉપર ઉપરથી દયા પાળવી અથવા દેખાદેખી જીવરક્ષા કરવી એને **સ્વરૂપદયા** કહેવામાં આવે છે. દુનિયામાં ઘણા પ્રાણીઓ લોકોમાં નામ કાઢવા ખાતરજ જીવદયાની વાતો કરે છે, સંસ્થાઓ સ્થાપન કરે છે અથવા કેટલાક પ્રાણીઓ માને છે કે જીવદયા પાળશું તો શરીર મજબૂત થશે, તંદુરસ્ત થશે, લોકોમાં માન પ્રતિષ્ઠા વધશે, જૈન વ્યાપારીઓમાં પોતાનો ધંધો વધારે ચાલશે અથવા બીજા કેટલાક અંતર્ગત હેતુઓ પાર પડશે. દયા પાળવામાં કે જીવરક્ષા કરવામાં જીવના હિત તરફ કે દુઃખ તરફ લક્ષ્ય ન રાખતાં પોતાની સ્વાર્થસાધના તરફ લક્ષ્ય હોય અથવા કાંઇ પણ વિચારણા ન હોય, માત્ર અમુક માણસો પ્રાણીનું રક્ષણ કરે છે માટે પોતે પણ કરવું ઉચિત છે એમ ધારીને પ્રવાહમાં પોતે ઘસડાતો હોય પણ નિર્ણયાત્મક વિચાર કરીને પરિણામે શુદ્ધ લક્ષ્યને પહોંચવા માટે અથવા તેને અનુસરીને દયાનું કાર્ય ન કરતો હોય તે પ્રાણીની ઉપર ઉપરની દયાનો સમાવેશ આ સ્વરૂપદયામાં થાય છે. આવી રીતે પૌદ્ગલિક સુખની ઇચ્છાથી દયા પાળવામાં આવે તો તેથી વાસ્તવિક રીતે સંસારનો વધારો થાય છે, કર્મબંધમાં વૃદ્ધિ થાય છે અને પોતાના ભાવપ્રાણને હાનિ થતી હોવાથી એકંદર આવા પ્રકારની દયાથી ખાસ લાભ થતો નથી, પણ ઉલટું નુકશાન વધારે થાય છે. વસ્તુતઃ વિચારણા કરવામાં આવશે તો જણાશે કે—આવી સ્વરૂપ દયામાં દ્રવ્યદયા કે પરદયા પાળવામાં આવે છે એમ લાગે છે, પણ તેમાં લક્ષ્ય વિપરીત હોવાને પરિણામે લાભ થવાને બદલે હાનિ થાય છે. આત્મસૃષ્ટિમાં સર્વ કાર્ય કેવા આશયથી અને લક્ષ્યથી કરવામાં આવે છે તે પર તેના લાભાલાભનો નિર્ણય થાય છે. એકજ સરખી ક્રિયા બાહ્યદૃષ્ટિએ કરનાર બે માણસોમાંથી એકને જ્યારે ઘણો લાભ થાય છે, ત્યારે તેજ ક્રિયા કરનાર બીજાને તેથી હાનિ છે. બાહ્યદૃષ્ટિ અને શુદ્ધ આત્મદૃષ્ટિમાં આ મોટો તફાવત છે અને થાય એમ જો ન હોય તો ઉપર ઉપરથી તો આ પ્રાણી ઘણું કષ્ટ કરે છે, ઘણું સહન કરે છે, રખડે છે, પણ એમાં લક્ષ્યસ્થાન વિરૂદ્ધ હોવાથી જોઇએ તેવો લાભ મેળવી શકતો નથી. સ્વરૂપ દયા એ માત્ર બાહ્ય દૃષ્ટિએ નામની દયા છે, ઉપર ઉપરની દયા છે, પરંતુ અંતરનું લક્ષ્ય કાંતો તદ્દન અવ્યવસ્થિત હોય છે અથવા સ્થૂળ હોય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એવી વૃત્તિ રહે ત્યાંસુધી પૌદ્ગલિક લાભ થાય, પણ આત્મિક દૃષ્ટિએ તો તેથી એકંદરે નુકશાન હોવાથી એવી આત્મખ્યાતિ કરનાર કે પરિણામે સ્થૂળ-સાંસારિ કે પૌદ્ગલિક લાભ આ ભવમાં કે પરભવમાં મેળવવાની ઇચ્છા રાખનારની દયાને માત્ર સ્વરૂપથી-દેખાવ માત્રથી દયા કહેવામાં આવે છે. આ સ્વરૂપ દયાની સાથે નીચેની અનુબંધ દયા ખાસ સરખાવવા યોગ્ય છે.

૬ **અનુબંધ દયા**-કર્મબંધનને અંગે લક્ષ્ય ઉપર કેટલો આધાર રહે છે તે ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે. આ સંબંધમાં ઘણી અજ્ઞતા પ્રસરી રહેલી જેવામાં આવે છે અને એવી અજ્ઞતાને અંગે અમુક કાર્યોના સંબંધમાં ઘણો ગોટાળો થતો વારંવાર જોવામાં આવે છે. એકથી વધારે પ્રસંગ પર જણાવવામાં આવ્યું છે કે એક સરખી ક્રિયા કરનારને લાભાલાભ જૂદા જૂદા પ્રકારના થાય છે. એક સરખું કામ કરનાર બેમાંથી એકને બહુ લાભ થાય છે ત્યારે બીજાને તેથી નુકશાન થાય છે. આ પ્રમાણે બનવાનો હેતુ આંતર લક્ષ્ય છે. બે મનુષ્યો મેમાન તરીકે દૂધપાક જમવા બેઠા છે, એક વિચાર કરે છે કે 'દૂધપાક હો કે ગમે તે વસ્તુ હો, આ શરીરને સાધન તરીકે પોષવાની જરૂર છે અને તેને ભાડું આપી તેની પાસેથી કાર્યસાધના કરી લેવાની જરૂર છે. આત્માના પોતાના અધ્યવસાયો અમલમાં મૂકવા માટે પણ જ્યાંસુધી તેની શુદ્ધ સ્થિતિ પ્રગટ ન થઇ હોય ત્યાંસુધી તેના બહારનાં સાધનો અનુકૂળ કરવાની જરૂર રહે છે. આ પ્રમાણે હોવાથી જે ભોજન મળે તે ખાઇ શરીરને ભાડું આપવું યોગ્ય છે.' આવા વિચારથી બનતી જયણા રાખી દૂધપાક જમે છે. બીજો વિચાર કરે છે કે 'આજે તો જમવાની ભારે મજા આવી છે, જરા દૂધપાકના બે ચાર વાટકા ચઢાવશું, સાથે ખમણઢાકળાંનો સ્વાદ પણ સારો આવશે, બે પાંચ શાખ અને ચટણીઓ સારી થઇ છે તેથી એકાદ વાટકા વધારે પણ ચાલશે.' આવો વિચાર કરતો રસપૂર્વક સબડકા લેતો ખાવાનું કાર્ય આગળ ચલાવે છે. અહીં બહારથી જોનારને તો બન્ને પ્રાણીઓ દૂધપાક ખાતાંજ દેખાય છે પણ બન્નેના લક્ષ્યમાં બહુ તફાવત છે; એક ઉદર નિર્વાહને ભાડું સમજી કામ કરે છે, બીજો રસેંદ્રિયની તૃપ્તિમાં આસક્ત રહે છે. આથી લક્ષ્યસ્થાનપર કર્મબંધનનો મોટો આધાર રહે છે. આત્મોન્નતિ માટે મોટા સાધુઓ, ત્યાગીઓ કે વૈરાગીએ પરિસહ સહન કરવાને અંગે જેવી ઠંડી, ગરમી, ક્ષુધા અને તૃષા સહન કરે છે તેજ દુઃખો વ્યવહારમાં નોકરીની પ્રતિકૂળતાને અંગે, ધનના લોભને અંગે, કાર્યની બહોળતાને અંગે અને વ્યવસ્થાની વિચિત્રતાને અંગે અન્ય પ્રાણીઓ સંસારમાં વારંવાર સહન કરે છે, પરંતુ લક્ષ્યસ્થાનમાં મોટો તફાવત હોવાને લીધે કર્મસ્થિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં બહુ ફેર પડે છે. એકને જ્યારે તેજ ક્રિયાઓથી કર્મની નિર્જરા થાય છે ત્યારે બીજાને કર્મનો સંચય થાય છે.

એ નિયમને ધ્યાનમાં રાખી આપણે દયાના વિષય પર વિચાર કરીએ તો જણાશે કે લક્ષ્ય-સાધ્યમાં તફાવત હોય તેને અંગે દરેક કાર્યના ફળમાં બહુ તફાવત પડે છે. બાહ્ય નજરથી હિંસા લાગતી હોય તેમાં ઉદ્દેશ વિશુદ્ધ હોય તો તે દયા થઈ જાય છે અને તેથી ઉલટું બાહ્યદૃષ્ટિએ દયા દેખાતી હોય ત્યાં આશય ખોટો અથવા સ્થૂળ હોય તો તે હિંસા થઈ જાય છે. આપણે સ્વરૂપ દયાનો વિભાગ વિચારતાં એજ હકીકત જોઇ હતી. એક પ્રાણીને શરીરમાં અનેક વ્યાધિઓ હોય તે દૂર કરવા-તેની પીડા મટાડવાના વિશુદ્ધ ઇરાદાથી ડાકટર હાથમાં લોઢાના ચળકતા હથિયારો લઈ ઓપરેશન કરવા લાગે ત્યારે તેથી કેટલાક નાના જીવોનો નાશ થવો અનિવાર્ય છે અને કોઈવાર જેના પર ઓપરેશન કરવામાં આવે છે તેના પ્રાણ પણ ચાલ્યા જાય છે, છતાં આ સર્વ કાર્યમાં ડાકટરનો આશય વ્યાધિ દૂર કરવાનો હોવાથી તેને બાહ્યદૃષ્ટિએ હિંસા લાગે તેવા કાર્યમાં પણ હિંસાનો દોષ લાગતો નથી, અને એ એટલી સાદી વાત છે કે એમજ થવું જોઈએ એમ આપણને લાગે છે. કોઈ પણ સમજુ માણસ ઓપરેશનના કાર્યનો હિંસામાં સમાવેશ કરવાનો વિચાર કરતોજ નથી.

એવીજ રીતે બીજાં અનેક દૃષ્ટાન્તો આપી શકાય. કોઇ લેખ લખવામાં, છપાવવામાં, પોસ્ટ કરવામાં અથવા વાંચવામાં કાંઇ કાંઇ હિંસા થતી હોય એમ ધારી શકાય છે, છતાં કોઇ સમજુ માણસ ધર્મનું તત્ત્વ સમજતો હોય તે એવા કાર્યના પ્રતિબંધ ભાગ્યેજ કરશે; એવીજ રીતે પોતાના પુત્રને કુમાર્ગથી સન્માર્ગ પર લઈ આવવા માટે ઠપકો આપવા ઉપરાંત જરૂર પડે તો તાડનાદિક કરનાર પિતાને હિંસાના કાર્યમાં પ્રવૃત્ત થયેલ કોઇ કહેશે નહિ. તીર્થંકર મહારાજના જન્મ સમયે દેવતાઓ જન્માભિષેક કરે છે ત્યારે સચિત્ત પાણીની નદીઓ ચલાવે છે, મુનિઓને વંદન કરવા જતાં અનેક જીવોનું મર્દન થઈ જાય છે, મંદિર બંધાવતાં, પ્રતિષ્ઠા કરતાં અને દ્રવ્ય પૂજન કરતાં અનેક જીવોની હિંસા અનિવાર્ય છે, રથયાત્રા જળયાત્રા કરતાં ઉપર ઉપરથી જેનારને હિંસા લાગે છે, વ્યાખ્યાન કરનાર ઉપદેશકને વ્યાખ્યાનની જગ્યાએ આવવામાં, બોલવામાં અને પાછા જવામાં કાંઇ કાંઈ દોષો થવા અનિવાર્ય છે પણ આ સર્વ દાખલાઓમાં આશય શુદ્ધ છે, સાધ્ય સ્પષ્ટ છે અને લક્ષ્ય નિર્મળ છે, તેથી એ સર્વ કાર્યનો હિંસામાં સમાવેશ થતો નથી. એવા અનેક દાખલાઓ આપી શકાય તેમ છે, પણ સુજ્ઞ વાચકો ટુંકામાં સમજી શકે તેમ હોવાથી આટલાથીજ સ્પષ્ટ રીતે કહી શકાય છે કે ડાકટરના કે બીજા કોઇપણ ઉપર જણાવેલાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યને કે આચરણને હિંસા કહેવી એ આ દૃષ્ટિબિન્દુથી યોગ્ય નથી. વિશુદ્ધ આશયથી કામ કરનારને પરિણામ વિશુદ્ધજ આવે છે અને તેમ થવું તે તદ્દન યોગ્ય જણાય છે. બાહ્ય નજરથી હિંસા લાગે તેવા કાર્યનો આ પ્રમાણે દયામાં સમાવેશ કરવામાં આવે છે એનું નામ **અનુબંધ** દયા છે, એ અનુબંધ દયામાં બાહ્ય નજરથી હિંસાના કાર્યને આશયની શુદ્ધતાને અંગે, પરિણતિની નિર્મળતાને અંગે, લક્ષ્યસ્થાનના સુસ્પષ્ટપણાને અંગે વિશુદ્ધ ગણવામાં આવે છે. એક મોટું સેનીટેરીયમ ( આરોગ્ય ભુવન ) બંધાવનાર, ધર્મશાળા ચણાવનાર કે અનાથાલય શરૂ કરનારને આરંભ અનેક પ્રકારનો થાય છે, હોસ્પીટલો સ્થાપન કરનાર અને નભાવનારને અનેક સ્થૂળ હિંસાનાં કાર્યમાં ભાગ લેવો પડે છે એમ જણાય છે. એક સ્કુલ, કોલેજ કે બોર્ડીંગ ચલાવવા કે નભાવવામાં અનેક પ્રકારના આરંભો કરવાં પડે છે પણ એનું લક્ષ્યસ્થાન હિંસા કરવા તરફ નથી, પરંતુ આરોગ્ય, શિક્ષણ અને બીજા કોઇપણ પ્રકારે જનસેવા તરફ જ છે અને ઘણાખરા એવા પ્રસંગોમાં આત્મદૃષ્ટિ સ્પષ્ટ જોવામાં આવે છે, તેથી બહારથી તેવાં કાર્યોમાં હિંસાના પ્રસંગો અનિવાર્યપણે આવી જાય તો તે માટે દીલગીર રહી પ્રાણી એ કાર્યો હાથ ધરે છે અને તેમ કરતાં પોતે સુજ્ઞ હોવાથી ખાસ જરૂર પડે તેટલીજ હિંસા કરે છે, અંતઃકરણ પૂર્વક તપાસ રાખી, હુકમો આપી અથવા જાતે દુઃખ વેઠી બનતી રીતે ઓછી હિંસા થાય તેમ કરે છે, પણ સામાન્ય હિંસાના ભયથી કામ મૂકી દેતો નથી. આ સર્વનો સમાવેશ અનુબંધ દયામાં થાય છે. વાત એમ છે કે ઉપર જણાવેલ કોઇપણ કાર્ય કરતી વખતે પ્રાણીનું લક્ષ્ય હિંસા કરવા તરફ હોતુંજ નથી, માત્ર પરહિત, સમાજસેવા અને આત્મોન્નતિ કેમ થાય એ તરફજ તેનું લક્ષ્ય છે અને લક્ષ્ય પ્રમાણે કર્મબંધન થતું હોવાથી આવા કાર્યનો સુજ્ઞ પુરૂષો **અનુબંધ** દયામાં સમાવેશ કરી ગયા છે.

૭ **વ્યવહાર દયા**——વ્યવહાર દયામાં વિશાળ દૃષ્ટિબિન્દુ રાખવામાં આવ્યું છે. લોકો જેને દયા કહે છે અથવા શાસ્ત્રકાર જેને સ્થૂળ દયા કહે છે તેનો અત્ર સમાવેશ થાય છે. પાંજરાપોળમાં જે જીવને મૂકવામાં આવે છે તેની ત્યાં શું સ્થિતિ થાય છે તેનો મૂકનાર પ્રાણી વિચાર કરતો નથી, પણ વ્યવહારમાં એમ માનવામાં આવે છે કે એ પ્રમાણે કરવું તે દયા છે તેથી તે માર્ગને અનુસરે છે. સામાન્ય જનસમૂહના અભિપ્રાય ઉપર અને શાસ્ત્રના સ્થૂળ ખ્યાલ ઉપર અહીં લક્ષ્ય રહે છે.

૮ **નિશ્ચય દયા**——વ્યવહાર દયામાં જેમ સામાન્ય ગણ સર્વથી વ્યતિરિક્ત દૃષ્ટિબિન્દુથી દયા પાળવામાં આવે છે, તેમ નિશ્ચયદયામાં પણ અન્ય સર્વ ભૂલી જઇ શાસ્ત્રકારની વિશિષ્ટ દૃષ્ટિથી જેટલી બને તેટલી અહિંસા પાળવામાં આવે તેનો અત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાવેશ થાય છે. ચેતનને શુદ્ધ ઉપયોગમાં રાખી, વિશિષ્ટભાવને આદરણીય ગણી શુદ્ધ આત્મદષ્ટિને લક્ષીને ચેતના પ્રગતિ કરે, ઉત્ક્રાન્તિમાં આગળ વધે અને કોઇ-પણ સ્થૂળ કષાય આદિ મોહના પ્રસંગમાં પડી જાય નહિ તે નિશ્ચય દયા છે. આ નિશ્ચય દયા અને વ્યવહાર દયામાં દષ્ટિબિન્દુ અથવા લક્ષ્યસ્થાન જનસમાજ, જન-સમૂહ અથવા વિશિષ્ટ શાસ્ત્રકાર તરફ રહે છે. ચાલુ.

# चंद्राजाना रास उपरथी नीकळतो सार.

( અનુસંધાન પુ. ૩૧ ના પૃષ્ટ ૩૮૭ થી )

## પ્રકરણ ૨૫ મું.

ચંદરાજા કુકડો મટીને મનુષ્ય થયાની હકીકત અનુક્રમે વીરમતીના જાણવામાં આવી, એટલે તેને ક્રોધ ઉત્પન્ન થયો તે વિચારવા લાગી કે–' એવો કોણ બળવાન્–શક્તિમાન્ છે કે જે મેં કુકડો કરેલાને પુરૂષ કરે ? વળી એમ સંભળાય છે કે તે અહીં આવવાની ઇચ્છા કરે છે, પણ મેંજ ભૂલ ખાધી કે તેને જીવતો રાખ્યો. એ નાનો બાળક મારી સામો થવાની ઇચ્છા કરે છે, પણ સમજતો નથી કે એમાં લાડવો ખાઇ જવા જેવું સહેલું નથી ! પરંતુ હું તેને અહીં આવવા જ શું કામ દઉં, હું જ સામી વિમળાપુરી જાઉં અને તેનું અભિમાન છોડાવી દઉં, ત્યારે જ મારા વખાણ થશે. આજથી ચંદે એક શિખામણ આપી કે શત્રુને જીવતો રાખે તે અબુજ ગણાય. '

આ પ્રમાણે વિચાર કરીને પછી તેણે ગુણાવળીને પોતાની પાસે બોલાવી કહ્યું કે–" હે ગુણાવળી ! મેં સાંભળ્યું છે કે તારો પતિ વિમળાપુરીમાં મનુષ્ય થયો છે, અને અહીં આવવાનું મન કરે છે. આ મારી સાથે ફરીને છેડ કરવા ધારે છે. પણ એ મૂઢ વગર વિચાર્યું કરે છે. મનુષ્ય થયો એટલે ખાટી ગયો એમ સમજ-વામાં ભૂલ કરે છે. આ વાતની ખબર તને પણ પડી હશે, પણ તું મને કહેતી નથી. મારાથી છાનું રાખે છે, પણ તું તેને કાગળ લખ કે અહીં આવીને રાજ્ય કરવાની આશા છોડી દે. આ વાત તું કોઇની આગળ કરીશ નહીં અને મારી સાથે દગો રમીશ નહીં. જો મારી સાથે ઉંડી થઇ છે તો મારા જેવી ભુંડી કોઇ નથી એટલું ધ્યાનમાં રાખજે. વળી જો પતિએ કાંઇ હુંડી ચુંડી મોકલી હોય તો પાણીમાં બોળી દેજે. હું વિમળા-પુરીએ જઇ આવવા ધારૂં છું, તું એકલી અહીં રહેજે; હું તેને સમજાવીને તરતજ પાછી આવીશ. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણાવળી બોલી કે–"સાસુજી આવી કલ્પિત વાત કરવી તે આપને યોગ્ય નથી. જેને પક્ષી કર્યો તે પાછો મનુષ્ય શી રીતે થાય? એ વાત દીઠા વિના હું તો માની શકતી નથી. વળી હે માતાજી! તમારાથી અધિક મેં તો આ દુનીઆમાં કોઈને દીઠું નથી કે તે તમારૂં કરેલું ફેરવી શકે. આ તો કોઇ પિશુની માણસે ખોટી વાત ફેલાવી જણાય છે. એવો ત્રીજ ને તેરશનો યોગજ શી રીતે બને? નટ એટલા બધા દૂર સુધી શી રીતે જાય ને એ વાત કેમ બને. તમારા વિના બીજું કોઇ એને પુરૂષ કરી શકે તેમ જ નથી, એ તો તમે કૃપા કરો તો જ બને તેવું છે; બાકી તમે ત્યાં જવાનો વિચાર કરો છો તે તો પાણી પહેલાં મોજાં કાઢવા જેવું છે; બાકી હું કાંઇ તમારાથી વધારે ડાહી નથી કે તમને સલાહ આપું, પણ જે કરો તે વિચારીને કરજો."

આ પ્રમાણે કહીને ગુણાવળી પોતાને સ્થાને આવી, પણ તેને એ વાતની ખટક મનમાં રહ્યા કરી. અહીં વીરમતીએ પણ વખત સાધવા માંડ્યો. પોતે જેટલા મંત્રો જાણતી હતી તે બધાનું આરાધન કરીને તે બધાના આરાધ્ય દેવોને એકઠા કર્યા અને તેની પાસે ચંદરાજાનું અશુભ કરવાની વાત પ્રકાશિત કરી. એટલે તે દેવોએ વિચાર કરીને કહ્યું કે–" હે બાઇ! એ કાર્ય હવે અમારાથી બને તેમ નથી. સૂર્યકુંડમાં સ્નાન કરવાથી એ મનુષ્ય થયેલ છે એ સાચી વાત છે. પણ હવે તેનાથી વિપરીત થવાનું અમારાથી બની શકે તેમ નથી. એ બાબતમાં અમારૂં કે તમારૂં કાંઇ ચાલવાનું નથી. એની રક્ષાના કરનારા અમારાથી બળવાન્ છે, તેથી અમે હવે નિરાળા રહેશું, તે કામમાં હાથ ઘાલશું નહીં. તમે કહો તે બીજું કામ કરી આપીએ, પણ આ કામ અમારાથી નહીં થાય. વળી અમારૂં માનો તો તમારે પણ પુત્રની સાથે આટલો બધો અભાવ રાખવો તે યુક્ત નથી. તમારે આભાનગરીનું રાજ્ય તેને પાછું સોંપીને મનાવવો ઘટે છે."

આ પ્રમાણેની દેવોની વાણી સાંભળીને તો વીરમતી ઉલટી વધારે કોપાયમાન થઇ. દેવોએ ફરીને સમજાવી, પણ તે સમજી નહીં ને મસતે ચડી. એટલે દેવતાએ પોતપોતાને સ્થાને ગયા. પછી વીરમતીએ મંત્રીને બોલાવીને કહ્યું કે–' હું વિમળાપુરી જાઉં છું, તું આભાપુરી સંભાળજે.' મંત્રી કહે કે–' બહુ સારૂં. એમાં હું તમને શી રીતે વારૂં, ભલે પધારો, અને તમારી ધારણા પાર પડો.' મંત્રીના આવાં વચનથી વીરમતી બહુ ખુશી થઇ અને મંત્રીને ખરેખરો પ્રમાણિક જાણ્યો.

પછી પ્રચંડ થયેલી વીરમતીએ ફરીને દેવોને આકર્ષ્યા અને તે બધાને સાથે લઇ હાથમાં કાતી રાખીને વિમળાપુરી તરફ આકાશ માર્ગે ચાલી. મદોન્મત્ત મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણુસો કોઇનું કહ્યું કરતાં નથી. વળી વાર્યા રહેતા નથી, હાર્યાજ રહે છે. વીરમતી મનમાં વિચારે છે કે–' હું ચંદરાજા પાસે જઇને એકદમ તેને પરાજીત કરી દઈશ અથવા મારી નાખીશ.' પણ તે મૂર્ખી જાણતી નથી કે ' હું આભાપુરીનું રાજ્ય આપવાજ જાઉં છું, તેનું બુરૂં ચિંતવતાં મારૂં માઠું થશે.' પરંતુ ભવિતવ્યતા વિપરીત હોય છે ત્યારે બુદ્ધિ પણ વિપરીતજ થાય છે.

હવે વીરમતી આભાપુરીથી ચાલી તે વખતે એક દેવતા ત્યાંથી ઉતાવળો ચાલી ચંદરાજા પાસે આવીને કહેવા લાગ્યો કે–" હે મહારાજા ! તમારી ઉપર તમારો વિનાશ કરવા તમારી અપર માતા આવે છે તો તમે સાવધાન રહેજો. હું છાની રીતે તમને કહી જઉં છું. જો કે તમારૂં પુણ્ય પ્રબળ છે, તેથી તે તમને કાંઈ કરી શકશે નહીં, તો પણ રત્નના જતન કરવા જોઇએ એવી નિતિ છે."

દેવની આ પ્રમાણેની હકીકત સાંભળીને ચંદરાજા બહુ ખુશી થયો. તેણે તરતજ માતાની સામે જવાની તૈયારી કરી. ઉડતા પંખીને પણ પકડી શકે એવા ઘોડાઓ સંખ્યાબંધ તૈયાર કર્યા. પોતે મજબુત બખ્તર ધારણ કર્યું. કેડે મજબુત બંધન બાંધીને તેની સાથે તરવાર લટકાવી, અને એક ઉચ્ચજાતિના અશ્વ ઉપર પોતે ચડ્યા. પછી ખરેખરા ચુંટી કાઢેલા સાત હજાર સામંતોના અશ્વો સહિત શિકારને મિષે વિમળાપુરીની બહાર નીકળ્યા. કેટલેક દૂર ગયા એટલે આજુબાજુ જોતાં દૂરથી આકાશમાર્ગે આવતી વીરમતીને દીઠી. તે એટલી બધી કોપાયમાન થયેલી હતી કે જાણે ચાલતી અંગીઠી હોય તેવી જણાતી હતી. ચંદરાજાને તો તે બહુજ મીઠી લાગી, તેણે તો જાણ્યું કે ' આ આભાપુરીએ લઈ જવા માટે આમંત્રણ કરવાજ આવી છે.'

વીરમતીએ પણ દૂરથી ચંદરાજાને સામે આવતો દીઠો. એટલે તેણે આકાશમાં રહીનેજ કહ્યું કે–' અરે ચંદ ! તું ભલે આવ્યો ! પણ હું જાણું છું કે તને કુકડાપણું વિસરી ગયું છે ! વળી તારા સાસરીઆએ પણ તને મારી સામે આવતાં વાર્યો જણાતો નથી. વળી મારા જીવતાં તું આભાપુરી આવવાની હોંશ રાખે છે, પણ યાદ રાખજે કે ઉંટ નાગરવલ્લીનો ચારો ચરી શકતું નથી. હવે મારી સામું શું જુએ છે ? હવે હું જીવતો મૂકવાની નથી, માટે તારા ઇષ્ટને સંભાર. હું પણ જોઉં કે તું યુદ્ધમાં ક્ષત્રીવટ કેવી બતાવે છે ? "

ચંદરાજાએ શાંતિ જાળવીને કહ્યું કે–" માતાજી ! તમે મારી ઉપર રોષ ન લાવો. મેં તો કાંઈ તમારૂં બગાડ્યું નથી, ફોગટ શા માટે રોષ કરો છો ? વળી જરા વિચારી જુઓ કે મારી સામે લડતાં તમે સારાં લાગશો ? વળી ઇષ્ટ સંભારવાનું તમે કહો છો પણ એમાં મારે ઇષ્ટ શા સંભારવાના છે, તમે પણ તૈયાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ જાઓ. હું માનુંજ છું કે તમે અહીં પગલાં કર્યાં છે તે કાંઇ નવાઇ કરી બતાવશો ! તમારા ગુણ મારાથી વખાણી શકાય તેમ નથી. કેમકે તેનો પાર નથી. પણ તમે શા માટે આખા વિશ્વનો ભાર ખેંચો છો ? આ બધી ઠાલી ઠકુરાઇ છે કેમકે ફાંટમાં તો છાણુંજ છે, માટે બહુ અભિમાન ન કરો. ”

ચંદનાં આવાં વચન સાંભળી વીરમતીને અંગોઅંગ ક્રોધ વ્યાપી ગયો, એટલે તે પાપણીએ પહેલીજ ચંદરાજા સામી તરવાર ફેંકી. તે તરવાર ચંદરાજાના બખતર ઉપર લાગી અને પાછી ત્યાંથી ઉડીને તે વીરમતીની છાતીમાં લાગી, તેથી તરતજ તે ધરણી ઉપર ઢળી પડી. તરવાર ચંદરાજા પાસે પાછી આવી એટલે તેણે તેને મોતીવડે વધાવી લીધી. પછી વિષ્ણુકુમાર ને નમુચી મંત્રીનું દૃષ્ટાંત વિચારીને દુર્જનને દુર્જનતાનું ફળ આપવુંજ જોઇએ એમ ધારી વીરમતી ઉપર કિંચિત્ પણ કરૂણા ન લાવતાં તેને ચોટલાવડે પકડી, આકાશમાં ઉછાળીને ચક્રની જેમ ફેરવી ધોબી વસ્ત્રોને પછાડે તેમ શીલા ઉપર પટકી. એટલે તે કિંચિત્ પણ ચસકી ન શકી, તરતજ મરણ પામી, ને છઠ્ઠી નરકે ગઇ. ‘ જગતમાં પાપી પ્રાણીઓના પ્રાંતે એવાજ હાલ થાય છે. ’

ચંદરાજાની ઉપર દેવોએ કુસુમની વૃષ્ટિ કરી અને આકાશમાં જય જય શબ્દ કર્યો. વીરમતી ભવસમુદ્રમાં બુડી. ‘ ધર્મીપુરૂષના જે વૈરી થાય છે તેની એવી ગતિ જ થાય છે. ’ પછી ચંદરાજા દુષ્ટ શલ્યનો નિગ્રહ કરીને વિમળાપુરીમાં પધાર્યા, છતના ડંકા વગડાવ્યા, મકરધ્વજ રાજા પણ ઘણો હર્ષિત થયો અને તેણે પોતાનું અરધું રાજ્ય ચંદરાજાને આપ્યું.

પ્રેમલા પણ બહુજ ખુશી થઇ, તે ચંદરાજા પાસે હાથ જોડીને રહેવા લાગી અને સાંસારિક સુખ ભોગવવા લાગી. હવે દુઃખ માત્ર વીસરાળ થયું છે, સુખનો પ્રવાહ વધવા માંડ્યો છે, તેથી આગળ પણ ચંદરાજાના સુખનો અને પુણ્યનો પ્રવાહ વૃદ્ધિ પામતો જોશું. ગુણાવળી મળશે, આભાપુરીનું રાજ્ય હસ્તગત થશે અને અખુટ આનંદયુક્ત સુખ ભોગવશે. એ સર્વે હવે પછીના પ્રકરણમાં વાંચશું. હાલ તો આ પ્રકરણમાંથી રહસ્ય શું ગ્રહણ કરવાનું છે તે વિચારીએ.

## પ્રકરણ ૨૫ માનો સાર.

આ પ્રકરણમાં પોતાનો છેલો પાર્ટ ભજવી પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ કરી બતાવીને એક પાત્ર ઓછું થાય છે. વીરમતી અંતમાં એવી અત્યુગ્ર કષાયવાળી હતી કે જેથી માન અથવા લોભના પ્રબળ ઉદયથી પોતાનો ઓરમાન પુત્ર, રાજ્યનો ખરો માલેક અને અત્યંત નમ્ર તેમજ સુશીલ, વિવેકી અને ભક્તિવાન્ એવા ચંદરાજા જેવા પુત્રનો પ્રાણ લેવાનો છેવટનો પ્રયાસ પણ કરવા તે ચુકતી નથી એ આ પ્રકરણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યથાર્થ બતાવી આપવામાં આવ્યું છે. પ્રથમ તો ‘ વાચે ઉડી જાયે વાત ’ એ કહેવત અનુસાર ચંદરાજા કુકડો મટીને મનુષ્ય થયા છે એ વાત વીરમતીને કાને જાય છે -वात શબ્દ સંસ્કૃતમાં પવનવાચી છે, એટલે વાતમાં પવનના ગુણ રહેલા છે; ગમે તે પ્રકારે છાની રાખવા ધારેલી વાત પણ બહાર આવ્યા સિવાય રહેતી નથી. વાતને જેમ જેમ છુપાવવાને પ્રયત્ન કરવામાં આવે છે તેમ તેમ તે વધારે બહાર પડે છે. એટલુંજ નહીં પણ ગોપવવાના પ્રયાસના પ્રમાણમાં તેમાં અસત્યતાનું મિશ્રણ થતું જાય છે. વાતને ગોપવવાનો અમોઘ ઉપાય એજ છે કે તેને ચાર કાનથી વધારે કાને ન પહોંચાડવી. બાકી જો છ કાને ગઈ તો તે ગઈજ સમજવી..

વીરમતીના હૃદયમાં આ હકીકતથી તેલ રેડાય છે અને તેથી અંદર રહેલો ક્રોધાગ્નિ વધારે પ્રજ્વળિત થાય છે. તેનું અભિમાન વૃદ્ધિ પામે છે. તે કહે છે કે ‘મારા કુકડા કરેલાને મનુષ્ય કરી શકેજ કોણ ?’ પણ તે સમજતી નથી કે ‘ શેરને માથે સવાશેર આ દુનિયામાં રહેલાજ છે, તેથી અભિમાન કરવું તે નકામું છે. અભિમાનનું ઘર ખાલી છે, જ્યારે કોઈ પણ બાબતમાં વિશેષ અભિમાન કરવામાં આવે છે ત્યારે તેને સાંભળનારા સુજ્ઞ જનો કહે છે કે હવે આ અભિમાન ઉતરવુંજ જોઈએ, અર્થાત્ હવે અવશ્ય આ બાબતમાં આ અભિમાની પાછો પડશે. ’ વીરમતીના સંબંધમાં પણ એમજ થાય છે અને તે આપણે આ પ્રકરણમાં ઉપર જોયું છે.

વીરમતી ગુણાવળીને બોલાવીને કસી જુએ છે કે આનામાંથી કાંઈપણ વાતનો પત્તો લાગે, પરંતુ એકવાર ઠગાયા પછી હવે તો ગુણાવળી પાકી સમજુ થઈ ગઈ છે કે આ સાસુના સાણસામાં સપડાવા જેવું નથી, તેથી તે તો તદન નાસુકરજ જાય છે અને આ હકીકતનું અસંભવિતપણુંજ બતાવે છે. વીરમતી તેને ડરાવવા માટે પણ કેટલાક વચનો કહે છે, પરંતુ હવે ગુણાવળી તેનાથી ડરતી નથી, એટલે જરૂર પૂરતો જવાબ આપી તેનાથી ડર્યા શિવાય તે પોતાને સ્થાનકે આવે છે. ગુણાવળી છેવટે સાસુજી ને એટલે સુધી ટકોર કરતી આવે છે કે ‘ જે કરો તે વિચારીને કરજો ’ આ વાક્યમાં ઉંડું રહસ્ય રહેલું છે. ગુણાવળીએ તેમાં એમ સૂચવ્યું છે કે ‘ એકવાર ફાવ્યા એટલે વારંવાર ફાવશું એમ ધારશો નહીં. ’ આ વાક્ય વધારે ધ્યાન આપવા લાયક છે. એકવાર પોતાના અઘટિત પ્રયત્નમાં ફાવી જનાર માણસ બીજે વખતે પણ અઘટતી રીતે ફાવી જવાનો પૂર્ણ સંભવ માની દોડાદોડ કરે છે, પરંતુ દરેક વખત અઘટતા પ્રયત્નોમાં ફાવી શકાતું નથી. કુદરતજ તેને તેવા પ્રયત્નમાં પાછો પાડે છે. આવા સંખ્યાબંધ દૃષ્ટાંત ભુતકાલિન અને વર્તમાન કાલિન દૃષ્ટિગોચર થાય છે. આનું કારણ એ છે કે બધો સમય સરખો હોતો નથી, બધી વ્યક્તિ સરખી હોતી નથી, દરેકના સ્વભાવ સરખા હોતા નથી, તેથી દરેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીલમાં ઉંદર માનીને હાથ ઘાલનાર માણસને કોઇક દરમાંથી સર્પદંશની પ્રાપ્તિ પણ થઇ જાય છે. આ વાત ખાસ ધ્યાનમાં રાખીને અભિમાનમાં દોરાઇ જઇ અનધાર્યા પ્રયત્નમાં દોડયા જવું યોગ્ય નથી.

ગુણાવળીના હૃદયમાં સાસુના વચનથી શલ્ય પેઠું અને તે ખુંચવા લાગ્યું, તે સ્વાભાવિક છે. કારણ કે સ્નેહીજનોના હૃદયમાં નિરંતર અપ્રિયની આશંકા રહ્યા કરે છે. પરંતુ પુણ્ય દશા પ્રબળ થયા પછી–જાગૃત થયા પછી નિરંતરને માટે દુર્જનો ફાવી શકતા નથી અને યત્કિંચિત્ પણ અશ્રેય નીપજાવી શકતા નથી.

હવે વીરમતી પોતાનો પ્રયત્ન આદરે છે. બધા મંત્રાધિષ્ઠાયક દેવોને બોલાવે છે. તેઓ એકમતે ચંદરાજાનુ અપ્રિય કરવાનું કાર્ય હવે પોતાની સત્તાની બહાર છે-સત્તા ઉપરાંતનું છે એમ કહે છે. વધારામાં એમ પણ કહે છે કે તેઓના રખવાળા અમારા કરતાં વધારે બળવાન્ છે. પણ ખરા રખવાળ તરીકે તો પુણ્યનેજ સમજવું. શ્રીપાળ રાજાના રાસમાં ધવળશેઠે તેને સમુદ્રમાં નાખી દીધા પછી કીનારે નીકળી ચંપાના વૃક્ષ નીચે શ્રીપાળ ઉંઘી જાય છે, તે વખતે તે વૃક્ષની છાયા તેના પર અચલિતપણે રહે છે. તે પ્રસંગે રાસના કર્ત્તા મહાપુરૂષ શ્રી વિનયવિજયજી મહારાજ કહે છે કે,

**સદાલગે જે જાગતો, ધર્મમિત્ર સમરથ્થ;**
**કુંવરની રક્ષા કરે, દૂર કરે અનરથ્થ.**

આ દુહાનો અર્થ અહીં પણ અક્ષરશઃ દશ્યમાન થાય છે.

વીરમતીએ બોલાવેલા દેવો વધારામાં વીરમતીને શિખામણ પણ આપે છે કે હવે તમારે આ રાજ્ય ચંદરાજાને સોંપી દેવું ઘટે છે, પરંતુ તે તેના માન્યામાં આવતું નથી, મનુષ્ય જ્યારે અભિમાને ચઢે છે ત્યારે તેને ક્રોધ ને માનરૂપી બે જાતિના તીવ્ર જ્વર આવે છે, એટલે તેને વસ્તુ માત્ર કડવી લાગે છે, અમૃત જેવા પદાર્થ પણ ભાવતા નથી, તેમ એવાને હિતોપદેશ પણ કડવો લાગે છે. તેનાપર રૂચિ થતી નથી, સુબોધ સાંભળવો પણ ગમતો નથી. આ પ્રસંગે પંડિત શ્રી વીરવિજયજીએ હિતશિક્ષા છત્રીશીના પ્રારંભમાં કહેલ પદ યાદ કરવું–

**રીસ કરે દેતાં શિખામણ, ભાગ્ય દશા પરવારી; સુણજો સજ્જનોરે.**

દેવોનું કહેલું વીરમતીને રૂચ્યું નહીં, એટલે દેવો પણ તેનો અનાદર કરીને સ્વસ્થાને ચાલ્યા જાય છે. પછી વીરમતી મંત્રીને બોલાવે છે અને પોતાનો વિચાર જણાવે છે. મંત્રી રાસયનો જાણ હોવાથી હા એ હા ભણે છે, કારણ કે અવસર વિનાનું બોલવું નાખી દીધા બરાબર થાય છે. ઉત્તમ જનો અવસરેજ બોલે છે કે જે ફળરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. મંત્રી તેને દુઃખ મનાવે ને કટુ વચન કહે તો તેનું પરિણામ મંત્રીની વિરૂદ્ધમાં તરતજ આવે, અને ચંદરાજાનું હિત થઇ શકે નહીં. અહીં મંત્રીએ પોલીટીકલ મેટર વાપરી છે. તેણે એમ વિચાર્યું છે કે જો હું રાજસત્તામાં હઇશ તો ચંદરાજાનો પક્ષ ઓછો વધતો પણ જાળવી શકીશ; જો છુટો પડી જઇશ તો મારી સત્તાજ રાજ્યમાં રહેશે નહીં, એટલે હું કાંઇ કરી શકીશ નહીં; અહીં તેણે વિશેષ ડહાપણ વાપર્યું છે. કારણ કે 'જેટલું શ્રેય અમુક વ્યક્તિનું કે સમુદાયનું અંદર રહીને અથવા સાથે રહીને થઇ શકે છે તેવું ને તેટલું અલગ પડી ગયા પછી થઇ શકતું નથી.' આ વાત ચોક્કસ ધ્યાનમાં રાખવા લાયક છે.

વીરમતી ચંદરાજાના પ્રાણ લેવાનાજ વિચારથી હાથમાં નાની તરવાર લઇને આકાશ માર્ગે વિમળાપુરી તરફ જાય છે. તે વખતે મંત્રોથી બંધાયેલા હોવાને લીધે વીરમતીના આકર્ષવાથી તેના અધિષ્ટાયક દેવતાઓ તેની સાથે ચાલે છે, પરંતુ તે તેની સહાય બીલકુલ કરતા નથી, તે તો ઉભા ઉભા જોયાજ કરે છે. જ્યારે ભાગ્યદશા વિપરીત થાય ત્યારે એમજ બનવાનું ધારી લેવું. જુઓ સુભૂમ ચક્રવર્ત્તી ચતુરંગિણિ સેના સમેત સમુદ્રમાં ડુબી ગયો ત્યારે તેના અંગરક્ષક બે હજાર યક્ષોએ જોયા કર્યું પરંતુ તેનું રક્ષણ કર્યું નહીં. તેથી ભાગ્યદશાની પ્રબળતા નિર્બળતા ઉપરજ અન્યની સહાયનો આધાર માનવો. ભાગ્યદશા પ્રબળ હોય છે ત્યારે અનેક સહાયો મળી આવે છે, અને તે નિર્બળ થાય છે ત્યારે સહાય માત્ર નાશ પામી જાય છે. નીતિકાર પણ કહે છે કે " જેવી ભવિતવ્યતા હોય છે તેવીજ બુદ્ધિ થાય છે અને સહાયકો પણ તેવાજ મળે છે. "

સાથે રહેલા દેવોથી અભિમાન ધરતી પરંતુ પોતાની ભાવી દુર્દશાને નહીં સંભારતી–તે તરફ દુર્લક્ષ્ય કરતી તેમજ કાર્યાકાર્યના વિચારને સર્વથા ભુલી જતી વીરમતી વિમળાપુરીની સમિપે આવે છે, તેવામાં તેના પક્ષનો એક દેવજ ચંદરાજા પાસે જઇને પ્રથમથી તેને ચેતાવે છે. જો કે ચંદરાજા તો ચેતેલાજ હતા, તેના ધ્યાનમાંજ હતું, કે વીરમતી આ હકીકત જાણશે એટલે બેસી રહેવાની નથી, જરૂર કાંઇક વિપરીત કરશે. એટલે તેઓ દેવના કહેવા પછી તરતજ તૈયાર થઇ જાય છે અને વીરમતીની સામા આવે છે.

વીરમતી દૂરથી આકાશમાર્ગે આવતી ચંદરાજાને જુએ છે, એટલે તે ઉંચે રહીને અભિમાનનાં વચનો બોલે છે અને ચંદરાજાને કહે છે કે 'હવે ઇષ્ટદેવને સંભાર, હું તને જીવતો મુકવાની નથી.' આવા કઠોર શબ્દના ઉત્તરમાં પણ ચંદરાજા તો શાંતિ જાળવીને વિવેકપૂર્વક તેને જવાબ આપે છે. વળી આમાં તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોભા વધવાની નથી એ પણ સૂચવે છે, અને અંતે તેને પણ તૈયાર થવાનું કહી ક્ષત્રીવટ બતાવે છે. વીરમતી તેથી વધારે ક્રુદ્ધ થાય છે અને તે પહેલીજ ચંદરાજા ઉપર તરવાર ફેંકે છે, તેનુ દૈવજ વિપરીત થયેલું હોવાથી ફેંકેલી તરવાર જે અથડાઇને પાછી આવે તેમ ચંદરાજાના બખતર સાથે અથડાઇ પાછી આવીને તે એવી દ્દઢ રીતે લાગે છે કે એક પ્રહારથીજ તે બેશુદ્ધ થઇને પૃથ્વીપર ઢળી પડે છે

અત્યાર સુધી વર્ષો થયા દબાવી રાખેલો ક્રોધ આ વખતે ચંદરાજાના હૃદયમ ઉછાળો મારે છે. એટલે તે ક્ષત્રીવટ ચુકીને તરવાર ફેંકનાર વીરમતીને ચોટલે ઝા આકાશમાં ફેરવી શીલાપટ્ટ ઉપર પછાડે છે. જેથી તેના પ્રાણ નીકળી જાય છે અં સ્ત્રી જાતિને માટે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ દુઃખસ્થાન છઠ્ઠી નરક છે તે મેળવે છે. ઉગ્ર પા ફળ્યા સિવાય રહેતુંજ નથી. પાપનો ઘડો ભરાય છે એટલે ફુટેજ છે, વીરમ મનુષ્ય ભવ હારી જાય છે, અત્યુગ્ર દુઃખની ભાજન થાય છે. અને જગત્મ સર્વત્ર તેનો અપયશ ફેલાય છે. દુર્જનો આવું પરિણામ કદિ પણ જોઇ શક નથી. તેમના નેત્રો સ્વહિત જોવાને માટે મીંચાઇ ગયેલાજ હોય છે. જે દેવતાએ વીરમતીની સાથે આવ્યા હતા અને તટસ્થ રહીને જોયા કરતા હતા, તેઓ ચંદર જાનો જયઘોષ કરે છે અને તેના પર પુષ્પવૃષ્ટિ કરે છે. સત્યનો ને ધર્મનો સર્વ જયજ થાય છે અને સર્વ તેના પક્ષી બની જાય છે.

પછી ચંદરાજા વિમળાપુરીમાં પ્રવેશ કરે છે. તેના સાસરા તેનું બહુ મા કરે છે અને અર્ધ રાજ્ય આપે છે. આ બધું પૂર્વ પુણ્યનું ચિત્રામણ છે. આ સંસારમાં પુણ્ય પાપના ફળો પ્રત્યક્ષ હોવાથી પુણ્ય પાપ પણ પ્રત્યક્ષજ છે. છ મૂઢાત્મા તેને જોઇ શકતા નથી. તેથી પુણ્યકાર્યમાં પ્રવૃત્તિ અને પાપકાર્યથી નિવૃ કરી શકતા નથી. **અજ્ઞાનનું વિજૃંભિત એવા પ્રકારનુંજ હોય છે.**

આ સ્થિતિ સાંભળીને પ્રેમલાલચ્છી આનંદ પામે તેમાં તો આશ્ચર્યજ નહ કારણકે તે તો ચંદરાજાની અર્ધાંગના છે, તેથી તેના સુખ દુઃખમાં અર્ધોઅ ભાગ પડાવવો તે તેનું કામજ છે. તેના કરતાં પણ ગુણાવળી આ હકીકત સાંભળ ત્યારે વધારે હર્ષિત થશે, કારણ કે તેણે આ દુષ્ટ વીરમતીના સપાટા બહુ સહ કરેલાં છે. આ પ્રકરણ અહીં સમાપ્ત થાય છે. આ પ્રકરણમાં 'સત્યનો જય ને પાપનો ક્ષય' એ બંને પ્રત્યક્ષ બતાવી આપેલ છે. વાંચકોએ તેના પરથી બહુ ઘ લેવા યોગ્ય છે. આ રહસ્ય લક્ષ્ય દઇને વાંચવું તેમજ વિચારવું. સુજ્ઞોને મા આટલો ટુંકો લેખ પણ બસ છે. કારણ કે તેઓ તો નિરંતર હંસચંચુવત્ સારગ્રાહ વૃત્તિવાળાજ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# बोधवचनो.

૧ મોટા ભાષણો અને લખાણો કરવાથી પ્રમાણિક થવાતું નથી. પરંતુ સદ્ગુણી જીવન ગાળવાથી પ્રમાણિકપણું જાહેર થાય છે.

૨ પશ્ચાતાપ કરવાનો વખત આવે ત્યારે વિચાર કરવો પડે તે કરતાં પશ્ચાતાપ થાય એવું કાર્યજ કદી કરવું નહિ.

૩ ગમે તેટલાં ધર્મપુસ્તકો શ્રવણ કરો, તેનાં અક્ષરે અક્ષર મ્હોંગે કરો પણ ધર્મ ઉપર અંતરના પ્રેમ વગર તે સઘળું નકામું છે.

૪ દરેક કાર્ય કરવામાં મનુષ્યનો ડર રાખવા કરતાં પરમેશ્વરનો ડર વધારે રાખવો.

૫ લાંબી મુદત સુધી જીવવાની આશા રાખ્યા કરતાં સદ્ગુણી જીવન નાનું ગાળવાની આશા રાખવી એ લાભકારક છે.

૬ આ લોકનાં સુખ મેળવવાં કરતાં પરલોકનાં સુખ મેળવવાનો રસ્તો શોધવો એ અતિઉત્તમ છે.

૭ જગતની નાશવંત વસ્તુ ઉપર પ્રેમ ન રાખતાં અવિનાશીના નામ ઉપર પ્રેમ રાખવો એ ઉત્તમ છે.

૮ ગમે તેટલીવાર શરીરની દરેક ઇંદ્રિયને ભોગ આપો પણ તે તૃપ્ત થતી નથી, માટે ધીગે ધીગે તેને કબજામાં રાખવાની ટેવ પાડવી.

૯ પરમાત્માના ડર વગરનું જ્ઞાન નકામું છે.

૧૦ જગતને ઠગી, પૈસા મેળવીને ધનવાન થવાના કરતાં હમેશાં ગરીબી હાલતમાં રહેવાથી ઉભય લોકમાં સુખ મળે છે.

૧૧ જ્ઞાનનો અહંકાર કરવા કરતાં તેનો સદ્ ઉપયોગ કરવામાં મગરૂર રહેવું એ સર્વથી સારૂં છે.

૧૨ હું સર્વ બાબતમાં વિદ્વાન છું એવું કથન કાઢ્યા કરતાં હું સર્વ બાબતમાં અજ્ઞાન છું એવા કથનથી જગતમાં આબરૂ વધે છે.

૧૩ પોતાની ભૂલ સુધાર્યા પછી પારકાની ભૂલ સુધારવાનો પ્રયત્ન કરવો એજ યોગ્ય છે.

૧૪ આત્મજ્ઞાનનો અભ્યાસ એ સર્વથી વિશેષ લાભકારક છે.

૧૫ ઉપયોગી પદાર્થો છોડીને હાનિકારક પદાર્થો સેવવા એ મોટી મૂર્ખાઇ છે.

૧૬ પરમાત્માની ભક્તિ છોડીને મિથ્યાવાદ કરતાં આ જગતમાં ઘણા નાશ પામી ચૂકયા છે તેનો ખ્યાલ કરો.

૧૭ જેના શરીરમાં દયા છે તેને ખરેખરો મોટો સમજવો.

૧૮ નાશવંત વસ્તુઓ તણખલાં તુલ્ય ગણીને જે પરમેશ્વરની ભક્તિમાં લુબ્ધ થયેલો છે તે ખરેખરો ડાહ્યો સમજવો.

૧૯ પારકાની નિંદા કરવી એ મનની નિર્બળતા છે.

૨૦ ગમે તેટલું જ્ઞાન સ્વયં સંપાદન કરેલું હોય, પણ સત્ પુરૂષનાં વચન શ્રવણ કરવાથી જ્ઞાનમાં જુદાજ પ્રકારનો વધારો થાય છે.

૨૧ ડાહ્યા પુરૂષો હમેશાં સાહસ કામ કરવામાં પછાત રહે છે.

૨૨ ધર્મશાસ્ત્રો વાંચી આત્માનો લાભ શોધવાનો છે, બાકી નકામાં પાનાં ફેરવવાથી કશો ફાયદો નથી.

૨૩ ઉપદેશ આપનારનો ઉપદેશ સાંભળી તેમાંથી સાર ગ્રહણ કરવાનો છે, સાંભળ્યું ત્યારેજ પ્રમાણ ગણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૪ જેણે પોતાની વાસના છતી નથી તે નિર્જીવ વસ્તુમાં પણ લોભાઇ તેને વશ થાય છે.
૨૫ જગતની રચના એક રાત્રીના નાટક જેવી છે, તેથી તેમાં રાચવા જેવું નથી.

**અમીચંદ કરશનજી. શેઠ. સ્કુલ માસ્તર. રવની.**

# શ્રી સૌરાષ્ટ્ર વીશાશ્રીમાળી બૉર્ડીંગ.

## જૂનાગઢ.

આધુનિક ઉદાર ગણાતા ગૃહસ્થોમાં અગ્રસ્થાને મુકવા યોગ્ય અને જેમણે જિનમંદિ પ્રતિષ્ઠા મહોત્સવ, ગુરૂભક્તિ, ગુરૂ નાગનું ચીરસ્મરણ, નિરાશ્રીતોને આશ્રય, અનાથ પ્રાણીઓ સંરક્ષણ, જૈન સમાજની સેવા, અને કેળવણીનો વિકાસ—ઇત્યાદિ વ્યવહારિક અને પારમાર્થિ કાર્યોમાં પુષ્કળ દ્રવ્યનો વ્યય કર્યો છે, કરતા જાય છે, એટલુંજ નહીં પણ એવા દરેક કાર્ય તન મનથી પણ પ્રયાસ લે છે, એવા અત્યુદાર વૃત્તિવાળા ગૃહસ્થ **શેઠ દેવકરણભાઇ મૂળજી** જેઓ હાલમાં શારિરીક નિવૃત્તિ મેળવવા પોતાની સ્વદેશભૂમિ—**વણથળી** જઇને રહેલા છે તેમણે ત્યાં બંધાવેલા **શ્રી શીતળનાથજી મહારાજના** સુંદર જિનપ્રસાદની પ્રતિષ્ઠાની વ ગાંઠને દિવસે (જેઠ શુદ ૭ મે) શ્રીમાન્ વિજયાનંદ સૂરીશ્વરના પ્રશિષ્ય **મુનિરાજ શ્રી વલ્લભવિ જયજીના** અમોઘ ઉપદેશથી જુનાગઢ ખાતે ઉપર જણાવેલા નામની બોર્ડીંગ સ્થાપવા મ રૂા. ૫૦૦૦૦) ની મોટી રકમ પોતા તરફથી આપવાનું જાહેર કર્યું છે, ઉપરાંત જો વીશાશ્રીમા બંધુઓ રૂા. ૨૫૦૦૦) કરી લાવે તો બીજા રૂા. ૫૦૦૦૦) આપવાની પણ ઇચ્છા જણાવી આવી ઉદારતા બતાવનારા ગૃહસ્થ હાલના વખતમાં આપણી કોમમાં બહુ અલ્પ દેખાય છે. વિશેષ ગુણ આવી ઉદારતાને શોભાવનાર નિરભિમાન વૃત્તિનો એ ગૃહસ્થમાં છે, આ હકી બહાર પડવાથી જૈન વર્ગ બહુ પ્રસન્ન થયો છે, પાછળથી સાંભળ્યું છે કે, રૂા. ૨૫૦૦૦) કરવ પ્રયાસમાં વીશાશ્રીમાળી ભાઇઓ મંદ જણાવાથી શેઠ દેવકરણભાઇએ બોર્ડીંગની શરૂઆત પ તરફથી કરી દીધી છે, અને ૧૮ બોર્ડરોને દાખલ કર્યા છે, એ ગૃહસ્થ આ બોર્ડીંગને પૂ સહાય આપી એક નમુનાદાર બોર્ડીંગ બનાવશે, એવો પૂર્ણ સંભવ છે, તોપણ વીશાશ્રીમા બંધુઓએ આ ખાસ ફરજવાળા કાર્યથી પાછા ઓસરવા જેવું નથી, પોતાના ધારેલા પ્રયા મંડ્યા રહી આ બોર્ડીંગને સારા પાયા ઉપર મુકવા માટે પુરતો પ્રયત્ન કરવાની જરૂર છે. આ વ્યાવહારિક કેળવણીમાં આગળ વધ્યા સિવાય છુટકો નથી. દરેક પ્રકારના ઉદ્યોગમાં તેની આ શ્યકતા છે, આ પ્રસંગે એક વાત ખાસ ધ્યાનપર લાવવાની જરૂર છે કે, આવી સહાય મેળવીને અભ્યાસ કરનારા બોર્ડરોએ ખરેખરા ધર્મચુસ્ત થવું ને રહેવું, ધર્મ કિંચિત્ પણ વર્તન ન રાખવું, ખાનપાન યોગ્ય રાખવું, જિનપૂજા દરરોજ કરવી, ધર્મશા અને તેટલો અભ્યાસ અવશ્ય કરવો, નિતિના સંબંધમાં તો નામ કાઢવું, ખરેખરા પ્ર કહેવરાવવું, અને દ્રવ્ય ખર્ચનારનું દ્રવ્ય સફળ થાય—તેની ચિત્તવૃત્તિ પ્રસન્ન રહે તેમ કરવું. હવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભાના લાઇફ મેમ્બરોને તરતમાં ભેટ તરીકે મોકલવાને મુકરર થયેલી બુકો ૪ ( શ્રીપાળ રાસ અર્થ રહસ્ય યુક્ત, શ્રી યુગાદિદેશના ભાષાંતર, શ્રી પ્રિયંકર ચરિત્ર ભાષાંતર, તથા શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર ) તૈયાર થયેલ છે, તે થોડા વખતમાં મોકલવામાં આવશે.

## વાર્ષિક મેમ્બરોને ભેટ.

આ સભાના દરેક મેમ્બરોને ભેટ તરીકે આપવાને મુકરર થયેલી શ્રીપાળ રાસ, યુગાદિદેશના ભાષાંતર અને પ્રિયંકર ચરિત્ર આ ત્રણે બુકો ચડેલી ફી પૂરતા વેલ્યુ૦ થી મોકલવામાં આવશે. દરેક મેમ્બરોએ તે વેલ્યુ૦ સ્વીકારી લેવાનું ધ્યાનમાં રાખવું.

## શ્રી જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ.

પુસ્તક ૩૧-૩૨ માની ભેટ તરીકે યુગાદિદેશના ભાષાંતર અને પ્રિયંકર ચરિત્ર ભાષાંતર-આ બે બુકો આપવાનું મુકરર થયેલું છે. તે તૈયાર થઇ છે. તેથી પુસ્તક ૩૧-૩૨ માના લવાજમ ઉપરાંત પાછલા લવાજમ સહીત ( લેણું હશે તો ) વેલ્યુ૦ થી મોકલવાનું શરૂ કરવામાં આવેલું છે. ગ્રાહકોએ તરતજ તે વેલ્યુ૦ નો સ્વીકાર કરીને એ બંને અપૂર્વ પુસ્તકોનો લાભ લેવો. વેલ્યુ૦ પાછું ફેરવવાથી લવાજમ તો આપવું જ પડશે, પરંતુ પછીથી ભેટનો લાભ નહીં મળે.

## શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર. અર્થ યુક્ત.

### ગુજરાતી.

આ બુક અમારા તરફથી છપાયેલી નથી. બીજા કોઇએ છપાવેલ પણ તેનું બીલ નહીં ભરવાથી તમામ બુકો અમે ખરીદી લીધી છે, તેની અંદર કવચિત અશુદ્ધિ છે. તે બુક પાકા કપડા સાથેના શોભિતા બાઇડીંગથી બંધાવી છે. કિમતના પ્રમાણમાં બુક સારી છે. તેમાં કાગળો ગ્લેઝ અને રફ-બે જાતના વપરાયા છે. તેની કિંમત સામાન્ય ખરીદનાર વર્ગ માટે ગ્લેઝના ૬ આના અને રફના પાંચ આના રાખી છે. જૈનશાળા માટે કે લ્હાણી માટે ખરીદનાર સારૂ ચાર આના ને સાડા ત્રણ આના રાખી છે. બહારગામવાળાઓએ પોસ્ટેજ દરેક બુકે અરધો આનો જુદું ગણવું.

## રસિક સ્તવનાવળી.

( ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સઝાયો વિગેરેનો સંગ્રહ.)

કિંમત માત્ર બે આના. પોસ્ટેજ જુદું.

---

ખાસ આમંત્રણ—શ્રી જુનાગઢના સંઘ તરફથી મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજ ના ચતુર્માસ રહેવા હોવાથી જૈનબંધુઓને ગીરનાર તીર્થે ચતુર્માસ રહેવા નિમિત્તે આમંત્રણ કરવામાં આવે છે. ત્યાં આવનારને પુરતી સગવડ કરી આપવામાં આવશે એમ આગેવાનો જણાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાલમાં બહાર પડેલાં પુસ્તકો.

## શ્રી અધ્યાત્મસાર ગ્રંથ પં. ગંભીરવિજયજીકૃત ટીકાયુક્ત.

ઉપર જણાવેલ ગ્રંથ કેટોના કારણથી બહાર પડવો મુલતવી રહેલો તે હાલમાં કલકત્તાથી પણ રંગના તૈયાર થઈને આવેલા હોવાથી બહાર પાડવામાં આવ્યો છે. તેથી સદરહુ ગ્રંથનો સંસ્કૃતના અભ્યાસી જે સાધુ સાધ્વીને ખપ હોય તેમણે પોતાના ગુરૂદ્વારા પત્ર લખી મંગાવી લેવો. જાહેર સંસ્થાઓએ પોસ્ટના છ આના મોકલીને મંગાવવો. લાઈફ મેમ્બરો પૈકી પણ જે તેના અભિલાષી હશે અને મંગાવશે તેમને મોકલવામાં આવશે. પુસ્તક ભંડાર માટે મંગાવનારને પણ મોકલવામાં આવશે.

## શ્રી અધ્યાત્મસાર મૂળ. મૂળ ને ટીકાના ભાષાંતર યુક્ત.

કિંમત રૂા. ૨

આ ઉપર જણાવેલા ગ્રંથનું ભાષાંતર છે. તેની અંદર મૂળના શ્લોકો પણ આપેલા છે. ટીકાને મૂળ બંનેનું ભાષાંતર આપેલ છે. અધ્યાત્મરસિક બંધુઓને ઘણોજ ઉપયોગી છે. લખાણ ઘણુંજ અસરકારક છે. મંગાવવા ઇચ્છનારે શેઠ નરોત્તમદાસ ભાણજી ઉપર મુંબાઈ બહારકોટ-ઢીપીચાલમાં પત્ર લખવો. પોસ્ટેજ ચાર આના વધારે સમજવું.

## શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર.

આ ભાષાંતરની બુક બહુજ રસિક તેમજ સંસારનું તાદૃશ ચિત્ર બતાવી આપનાર છે. ભુવનભાનુ કેવળીએ પોતાના પૂર્વભવનું સંક્ષિપ્ત ચરિત્ર ચંદ્રમૌલિ રાજા પાસે કહેલું છે તેનો આ ચરિત્રમાં સમાવેશ છે. ખાસ વાંચવા લાયક છે. શ્રી વિરમગામ નિવાસી શા. ચુનીલાલ સાકળચંદની આર્થિક સહાયથી બહાર પાડવામાં આવેલ છે. લાઈફ મેમ્બરોને અને જૈન સંસ્થાઓને ભેટ આપવામાં આવશે. પોસ્ટેજ એક આનો. કિંમત છ આના. પાકી છીંટ સાથે બંધાવેલ છે.

## શ્રી યુગાદિ દેશના ભાષાંતર.

આ એક અપૂર્વ ગ્રંથ છે. તેના પાંચ પ્રસ્તાવ છે. તેની અંદર વિષય, કષાય, લક્ષ્મી, સ્ત્રી વિગેરેના સંબંધમાં ઘણી રસિક કથાઓ સમાવેલી છે. પ્રથમ જિનેશ્વરના કુળનું ખાસ વર્ણન છે. આ બુક જૈન ધર્મ પ્રકાશના તમામ ગ્રાહકોને ભેટ આપવામાં આવી છે. કિંમત આઠ આના. પોસ્ટેજ દોઢ આનો.

## શ્રી પ્રિયંકર ચરિત્ર ભાષાંતર.

શ્રી સાણંદનિવાસી શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસની સહાયથી છપાયેલ આ ચરિત્ર ઉપદેશપ્રાસાદના આધારે [illegible] રચાયેલું છે. ઘણુંજ રસિક છે. જૈન ધર્મ પ્રકાશના દરેક ગ્રાહકોને ભેટ આપવામાં આવ્યું છે. કિંમત ચાર આના. પોસ્ટેજ [illegible] આનો.

For Private And Personal Use Only